


✻ અહીં તત્ત્વની બહુ ઊંચી વાત આવી એટલે હેઠલી વાતનું કાંઈ નહિ એમ ન હોય. પોતાને અંદરથી ઊગવું જોઈએ. કોઈ કહે એટલે નહિ પણ પોતાને દરકાર જોઈએ. જેને ભવિષ્યનું નક્કી નથી તેને તો ત્રાસ થઈ જવો જોઈએ કે અરે! ભવિષ્યમાં હું કયાં જઈશ!

—સ્વાનુભવપ્રેરણામૂર્તિ અનંત-ઉપકારી પૂજ્ય ગુરુદેવ

કહાન સંવત-૧૨ □ (૫૮૭) ✻ આત્મધર્મ ✻ (અંક-૩ વર્ષ-૪૯) □ વીર સં. ૨૫૧૮ સપ્ટેમ્બર, ૧૯૯૨

# વૈરાગ્યજનની : બાર ભાવના

[ શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

ધર્મનું મૂળ સર્વજ્ઞદેવ છે. તેમણે કહેલું તત્ત્વ યથાર્થ છે. આત્મા જ્ઞાનસ્વભાવી છે. સ્વભાવ શક્તિરૂપે છે, તેનો પૂર્ણપણે વિકાસ થઈ શકે છે. તેવો પૂર્ણ વિકાસ સર્વજ્ઞ વીતરાગદેવને છે. તે અનંતા થઈ ગયા ને થશે. વર્તમાનમાં પણ મહાવિદેહક્ષેત્રમાં દેહસહિત અર્હંતદશામાં છે. તેઓ એક સમયમાં ત્રણકાળ ત્રણલોકના સર્વ પદાર્થોનું સ્વરૂપ સર્વપ્રકારે જાણે છે.

આવા સર્વજ્ઞની જેણે પ્રતીતિ કરી તેણે જ્ઞાતા માત્ર સ્વભાવપણે છું. કર્તા નથી એમ પોતાના જ્ઞાતા સ્વભાવનો પણ નિર્ણય કર્યો ને તેમાં અનંતો પુરુષાર્થ આવ્યો. અલ્પજ્ઞતા, વિકાર ને નિમિત્તની રુચિ ગઈ ને પૂર્ણ જ્ઞાનસ્વભાવની રુચિ થઈ. ક્રમબદ્ધ જે જે થયું, થાય છે ને થશે તેને જાણનાર માત્ર છું એવી દૃઢતા થઈ ને એકલો જ્ઞાયક જ છું એમ સ્વસન્મુખ બુદ્ધિ થઈ. ત્રિકાળ જ્ઞાતા સ્વભાવ તે જ માત્ર ઉપાદેય છે અને અલ્પજ્ઞતા, વિકાર ને નિમિત્ત હેય છે એમ નિઃશંકતા થાય છે. જે જે થવાનું તે થાય છે. સર્વજ્ઞે દીઠું તેથી થાય છે એમ નહિ પણ દરેક વસ્તુના વ્યવસ્થિત સ્વભાવથી જ ક્રમબદ્ધ થાય છે, આડીઅવળી કોઈ પર્યાય થતી નથી, અકસ્માત્ કાંઈ થતું નથી. આમ સ્વતંત્ર વસ્તુસ્વભાવને કર્તૃત્વબુદ્ધિ અને વિકારની દૃષ્ટિ છોડી, પરથી ઉદાસ રહ્યો ને સ્વભાવ સન્મુખ પુરુષાર્થવાન થયો તેમાં સ્વદ્રવ્ય સન્મુખ જ્ઞાતા રહેવાનો પુરુષાર્થ આવ્યો.

સર્વજ્ઞના નિર્ણયમાં સંપૂર્ણ વસ્તુસ્વરૂપનો નિર્ણય અને છયે દ્રવ્યોની સ્વતંત્રતા જ્ઞાનમાં ભાસી તે ત્રણકાળ ત્રણલોકની વસ્તુસ્થિતિનો નિયમ જાણી લ્યે છે. સર્વજ્ઞનો નિર્ણય કરે તો અત્યારે જ અધૂરા જ્ઞાનવાળાને પણ ત્રણકાળ ત્રણલોકનો પતો લાગે જ, કોઈ વાતમાં શંકા ન પડે.

સ્વભાવની પ્રતીતિ વડે મિથ્યાવાસનાનો નાશ કરે તો સમ્યગ્જ્ઞાન અંદર શક્તિના ભરોસે પ્રગટ થાય છે ને સામાન્ય અંતર સ્વભાવમાં એકાગ્ર થાય તો પૂર્ણ નિર્મળ વિકાસ પ્રગટ થઈ શકે છે ને જેનો સ્વભાવ જાણવું છે તે પૂર્ણપણે પ્રગટ થતાં કોને ન જાણે? સર્વને સર્વપ્રકારે એક સમયમાં જાણે જ જાણે.

बहुत्रससमन्वितं यत् मद्यमांसादि निन्दितं द्रव्यम् ।
यः न च सेवते नियमात् सः दर्शनश्रावकः भवति ॥३२८॥

[ અનુસંધાન માટે જુઓ પાનું ૧૭ ]

કહાન સંવત-૧૨
વર્ષ-૪૯
અંક-૩
[ ૫૮૭ ]

વીર સંવત ૨૫૧૮
સં. ૨૦૪૮
SEP.
A.D. 1992




# આત્મધર્મ

**શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર**

---

## પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની મંગલકારી
### ૭૯ મી જન્મજયંતી પ્રસંગે
### ગુરુ-જ્ઞાન-સરોવરમાં ખીલેલાં, સમ્યક્ત્વબોધ મહેકતાં
## ૐ ૭૯ અધ્યાત્મ-પુષ્પો ૐ

[ ગતાંકથી ચાલુ ]

* શુભ રાગના સૂક્ષ્મ વિકલ્પથી માંડીને આખું ચક્રવર્તીનું રાજ્ય—એ બધુંય મારું નથી, મારામાં નથી, હું તેમનો સ્વામી નથી, હું તો તેમનાથી અત્યંત ભિન્ન કેવળ જ્ઞાતા જ છું, એમ અંતરમાં ઓળખાણ કરીને તું શ્રદ્ધા-અપેક્ષાએ તો બહારનું બધું છોડ. પ્રથમ શ્રદ્ધા-અપેક્ષાએ છૂટે, પછી સ્વરૂપમાં વિશેષ રમણતા વધતાં સ્થિરતા-અપેક્ષાએ છૂટે. નીચલી ભૂમિકામાં નબળાઈને લીધે આસક્તિ ન છૂટી શકે તો પ્રથમ શ્રદ્ધા-અપેક્ષાએ તો બહારનું બધું છોડ! બહારનું લક્ષ, બહારની રુચિ છોડવાથી તારું કાંઈ ચાલ્યું નહિ જાય, ઊલટાનો પરમ પદાર્થ—નિજ જ્ઞાયક આત્મા—પ્રાપ્ત થશે. ૬૩.

* સાચા આત્માર્થીને ને સાધક જીવને આત્માની જ મુખ્યતા હોય છે. તેમની દૃષ્ટિમાં દયા-દાન આદિ શુભભાવ કે તેના ફળમાં મળતી જે ધૂળ—ચક્રવર્તીનું રાજ્ય વગેરે—તેની કોઈ કિંમત નથી, અરે! એક સમયની વર્તમાન નિર્મળ પરિણતિ પ્રગટે એની પણ આલંબન માટે

કિંમત નથી, આલંબન માટે કિંમત છે એકમાત્ર નિજ ધ્રુવ ત્રિકાળ-શુદ્ધ સામર્થ્યભરપૂર જ્ઞાયક દ્રવ્યસ્વભાવની. જગતમાં આ વિષય ચાલતો નથી, પણ વસ્તુ તો આવી જ છે. મોક્ષનો જે સાચો અર્થી હોય તેના જીવનમાં આવું ઘૂંટાઈ જવું જોઈએ. મેળામાં માની આંગળીએથી છોકરું છૂટું પડી ગયું હોય અને 'મારી બા, મારી બા' એમ બોલતું ને રોતું હોય, તેને કોઈ પૂછે 'તારું નામ શું?' જવાબમાં કહે : 'મારી બા'. તારું ગામ કયું? તારી શેરી કઈ? તારાં માબાપનું નામ શું? બધા પ્રશ્નોના જવાબમાં કહે: 'મારી બા'. તે છોકરાને જેમ 'મારી બા' ઘૂંટાઈ ગયું છે તેમ સાચા મુમુક્ષુને 'મારો જ્ઞાયક, મારો જ્ઞાયક' એમ જીવનમાં ઘૂંટાઈ જવું જોઈએ. ૬૪.

* બીજે ક્યાંય ગમતું ન હોય, સંસારનાં કામભોગનું બધું દુઃખ લાગતું હોય, પણ આત્માના ભાન વિના જાય ક્યાં? અંદર આનંદ આદિ અનંત ગુણોની ચમત્કૃતિના ચમત્કારથી ભરપૂર એવા નિજ જ્ઞાયક ભગવાન પ્રત્યે જેને નજર પ્રગટી નથી, તેનું સ્વરૂપ સમજીને જેને અંતરમાં યથાર્થ મહિમા આવ્યો નથી, તેનું દુઃખ ટળે એમ નથી. ગમે તેટલાં શાસ્ત્રનાં જાણપણાં કરે પણ જે અન્તર્મુખ દૃષ્ટિ કરતો નથી તેને આત્મા લક્ષગત થતો નથી. અરે! જેને આવી વાત સાંભળવા પણ ન મળે તે શું કરશે? ક્યાં જશે? એના પરિણામ-સરવાળા બીજા આવશે—ઊંધા. અંદર ચિદાનંદમૂર્તિ નિજ જ્ઞાયકનો આશ્રય કર. તેને જાણ્યા વિના—ઓળખ્યા વિના બીજે દુઃખ લાગતું હોય તોપણ તું જઈશ ક્યાં? ૬૫.

* એક કંદોઈની દુકાને છાપરા પરથી મોટો સર્પ પડ્યો—અર્ધો પડ્યો તેલના ઊકળતા તાવડામાં અને અર્ધો પડ્યો બહાર; કંદોઈએ દયાથી તેને મોટા તાવેથા વડે બહાર કાઢ્યો, પણ તે સર્પ એટલો બધો ગભરાયેલો હતો કે કઈ બાજુ ભાગવું તેની સૂઝ ન પડી ને સળગતી ચૂલમાં ગરી ગયો. આખો ને આખો ભઠ્ઠીમાં શેકાઈ ગયો—બળી ગયો. અહા! ભઠ્ઠીમાં શેકાવાનું એકલું દુઃખ, દુઃખ ને દુઃખ; એ પ્રમાણે અજ્ઞાની જીવો પણ 'यह राग आग दहे सदा'—રાગની આગમાં દાઝી રહ્યા છે;

દુ:ખના દાઝયા વધુ ને વધુ, વિષયોમાં સુખની આશાએ, દુ:ખમાં ગરી રહ્યા છે. ભગવાનની પૂજા કરવી, જીવોની દયા પાળવી, વ્રત પાળવાં, ઉપવાસ કરવા—એ પણ બધી રાગની ક્રિયા છે, એ કાંઈ તારું વિશ્રામઠામ નથી, એ તો સ્વભાવથી વિમુખ વૃત્તિ છે; વિશ્રામઠામ તો અંદર રાગ રહિત જે જ્ઞાયક પ્રભુ બિરાજે છે તે છે; એની સન્મુખ જા ને, જેથી તારો અનાદિનો દુ:ખદાહ ટળી જાય. જેમ પર ને રાગની લગની અનાદિથી લાગી છે, એમ જોરદાર લગની અંદર લગાડ ને! અંતરમાં જ્યાં પૂર્ણાનંદનો નાથ ભગવાન નિજ જ્ઞાયકદેવ બિરાજે છે ત્યાં લગની લગાડ. ૬૬.

* એક સાગરોપમમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ કાળ જાય. એક પલ્યોપમના અસંખ્યાતમા ભાગમાં અસંખ્ય અબજો વર્ષ જાય. એવા તેત્રીસ સાગરોપમના આયુષ્યવાળા દેવો નિયમથી સમ્યગ્દૃષ્ટિ હોય છે. તેમનું સમગ્ર જીવન કેવળ ધર્મચર્ચા, જિનેન્દ્રસ્તુતિ આદિ શુભ કાર્યોમાં ત્યાં જ વ્યતીત થાય છે. તેઓ કલ્પવાસી દેવોની માફક તીર્થંકર ભગવાનનાં કલ્યાણક કે તીર્થયાત્રા નિમિત્તે ક્યાંય ગમનાગમન કરતા નથી. એવા શુભ ભાવ વખતે પણ તેમની દૃષ્ટિ તો, સતત અંદર ધ્રુવ જ્ઞાયકતત્ત્વ ઉપર જ છે. અહા! તેત્રીસ સાગરોપમ કાળ સુધી અપુનરુક્ત ચર્ચા કરે તોપણ અંત ન આવે એવા અનંત અનંત ગંભીર ભાવો આત્મામાં ભરેલા છે. એકાવતારી તે દેવો ત્યાંથી નીકળી નિયમથી મનુષ્ય થઈને મોક્ષ જવાના છે. તેઓ પણ કહે છે કે—અહો, આ અખૂટ ચૈતન્યવૈભવ! તેત્રીસ સાગરોપમ કાળ સુધીની ચર્ચાએ તેનો અન્ત આવે એમ નથી, જ્યારે મનુષ્યપણું પામી, સંયમ લઈને કેવળજ્ઞાન થશે ત્યારે જ તેનો પૂર્ણ પાર પામશું. તે દેવોને નથી કોઈ ખાવા, પીવા કે કમાવાની પ્રવૃત્તિ, નથી બાયડી, છોકરાં કે કુટુમ્બની પળોજણ, આખું જીવન નિવૃત્તિ...નિવૃત્તિ, તોપણ ચર્ચા દ્વારા અંત ન આવે એટલાં અનંત રહસ્ય—અનંતા ભાવો વસ્તુસ્વભાવમાં ભરેલા છે; તેનો પૂર્ણ પાર તો કેવળજ્ઞાનમાં જ પમાય છે. ૬૭.

* ખરેખર સાધન તો નિજ ચૈતન્ય ધ્રુવ પદાર્થના આશ્રયે પ્રગટતી શુદ્ધ પરિણતિ જ છે અને શુદ્ધ પરિણતિનું આલંબન પણ નિશ્ચયે ત્રિકાળી જ્ઞાયકભાવરૂપ સ્વદ્રવ્ય છે. સાધકને નીચલી ભૂમિકામાં, જેમને સાધનામાં

વ્યવહારે સાધનરૂપ કહેવામાં આવે છે એવાં સાચાં દેવ-શાસ્ત્ર-ગુરુના આલંબનરૂપ કે અણુવ્રત-મહાવ્રતાદિરૂપ શુભ વિકલ્પો આવે છે પરંતુ તે પણ પરમાર્થે હેય છે. દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યેના શુભ ભાવને વીતરાગ સર્વજ્ઞ ભગવાને આસ્રવતત્ત્વ કહ્યું છે, કર્મબંધનું કારણ કહ્યું છે. દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યેનો પ્રેમ એ કાંઈ ચૈતન્યની જાતનો ભાવ નથી; આત્માના આલંબને જે જ્ઞાન, શાન્તિ, આનંદ આવે તે ચૈતન્યની જાત છે, અને આ શુભ રાગ તો અશાન્તિ ને આકુળતાનો ભાવ છે. તે ભાવ ચૈતન્યની જાતનો નહિ હોવાથી ભગવાન સર્વજ્ઞદેવ તેને જીવતત્ત્વ કહેતા નથી, આસ્રવ-બંધસ્વરૂપ હેયતત્ત્વ કહે છે. જ્યાં દેવ-શાસ્ત્ર-ગુરુના આલંબનરૂપ શુભ ભાવને પણ પરમાર્થે હેય કહ્યો છે ત્યાં બીજા પદાર્થો કે તેના આલંબને થનારા અશુભ ભાવોની તો વાત જ શી ? તેમનાથી તને કયું હિત સધાય છે ? ૬૮.

* કમળ કાદવમાં ઊગે છે. કાદવ સાથે રહેવા છતાં તેને કાદવનો લેપ લાગતો નથી, કાદવથી અલિપ્ત જ રહે છે. તેમ ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા પર્યાય-અપેક્ષાએ કર્મની સાથે રહ્યો હોવા છતાં, તેને અનેક જાતના કર્મોદય વર્તતા છતાં, દ્રવ્યસ્વભાવે તો સદાય નિર્લેપ જ રહે છે, પોતાના જ્ઞાયક શુદ્ધ સ્વભાવથી જરા પણ ચ્યુત થતો નથી. દ્રવ્યપર્યાયાત્મક ચૈતન્ય-વસ્તુમાં પર્યાય છે તે ઉપર-ઉપર છે અને દ્રવ્યસ્વભાવ તો અંદર ધ્રુવ ટંકોત્કીર્ણ શાશ્વત એકરૂપ છે. ધ્રુવ સ્વભાવને લક્ષગત કરનાર દૃષ્ટિ પણ શ્રદ્ધાગુણની નિર્મળ પર્યાય છે, તે પણ ઉપર-ઉપર છે; તેનાથી પણ પેલી પાર ધ્રુવ જ્ઞાયક દ્રવ્યસ્વભાવ છે. પર્યાય જે વર્તમાન બહાર પ્રગટેલી દેખાય છે—શુભાશુભ વિકારની, શ્રદ્ધાની કે ચારિત્રની—તે એક સમયની છે અને અંદર વસ્તુનું ધ્રુવ દળ તો ત્રિકાળી શાશ્વત છે. જે પર્યાયથી નિર્ણય થાય છે તે પણ ઉપર-ઉપર તરે છે, ધ્રુવ સ્વભાવમાં પ્રવેશ પામતી નથી. ૬૯.

* બહાર પડવાના બધા પ્રકારો નિઃસાર છે, એ પ્રસંગોથી દૂર ભાગવામાં જ કલ્યાણ છે. જગતમાં સારભૂત એક નિજ જ્ઞાયક સ્વભાવ જ છે; તેના જ આલંબને આત્મકલ્યાણ પ્રગટે છે. એ સિવાય—એક આત્મ-સ્વભાવ સિવાય—બીજું બધું નિઃસાર છે. માટે બીજી બધી લપ મૂકીને

એક આત્મસ્વભાવને સમજવાનો ને પામવાનો અંતરમાં ઉદ્યમ કરવો. ૭૦.

* અરેરે! જીવને આખી જિંદગી 'આ કરું ને તે કરું' એમાં જ ચાલી જાય છે. આખો દિવસ રળવું, બાયડી-છોકરાંને સાચવવાં, એકલું પાપ, પાપ ને પાપ. મરીને હું ક્યાં જઈશ—એનો જરાય વિચાર નહિ. એમાં ધરમ તો નથી પણ પુણ્યેય નથી. પુણ્ય તો સત્સમાગમમાં બે-ચાર કલાક શાસ્ત્રવાંચન કરે, તત્ત્વવિચાર કરે તો થાય. વાંચનવિચાર પણ શુભરાગ છે, ધર્મ નહિ; ધર્મ તો કોઈ બીજી જ ચીજ છે! પરથી ભિન્ન ને રાગાદિ વિભાવથી રહિત ત્રિકાળી નિજ જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ તથા અનુભૂતિ પ્રગટ કરવી તે પ્રથમમાં પ્રથમ સમ્યગ્દર્શન નામનો ધર્મ છે. ધર્મની શરૂઆત સમ્યગ્દર્શનથી થાય છે. ચારિત્રની વાત તો હજી આઘી છે, ઝીણી છે, પણ ગુણસમુદ્ર આત્મા પ્રગટ થવામાં—સમ્યગ્દર્શન તેમ જ સ્વાનુભૂતિ પ્રગટવામાં—ગુરુ પ્રત્યે સેવકપણાનો ભાવ નિમિત્ત છે. ૭૧.

* અરેરે! જિંદગી ચાલી જાય છે. એક વાર આ દેહને છૂટવાનો કાળ આવશે. તે પહેલાં જો આત્માનું કાંઈ ન કર્યું તો મૃત્યુ સમયે એ દુઃખમાં ભિંસાઈ જશે. જેને પર ને રાગાદિ વિભાવોથી ભિન્ન નિજ તત્ત્વ ભાસ્યું નથી અને જે અશુભભાવ ઘટાડીને શુભરાગની ક્રિયામાં એકાકાર થયેલો છે, તે દુઃખી થઈને ભિંસાઈ જશે અને પર ગતિમાં રખડવા ચાલ્યો જશે. ધર્મી જીવને મૃત્યુ કાળે નિર્વિકલ્પ ઉપયોગ હોય તો ઠીક, પણ કદાચિત્ પ્રતિકૂળ પરિષહ તરફનો વિકલ્પ આવે તોપણ તેની દૃષ્ટિ તો સદાય અંતર ધ્રુવ તળ ઉપર છે. ધર્મી જીવે શાન્તરસ-સ્વભાવી ધ્રુવ તળનું શરણ પ્રાપ્ત કર્યું છે તેથી તે રોગની, વેદનાની કે મરણની ભીંસમાં ભિંસાતો નથી. વિપત્તિસમયે તે શુદ્ધાત્માના તળમાંથી શાંતિ મેળવી લે છે. વિકટ પ્રસંગે તે નિજ શુદ્ધાત્માનું શરણ વિશેષ ગ્રહે છે. ૭૨.

* સમાધિશતકમાં શ્રી પૂજ્યપાદસ્વામીએ તો ત્યાં સુધી કહ્યું છે કે—અરેરે! અમને અન્યને ઉપદેશ આપવાનો જે વિકલ્પ આવે તે પણ ખરેખર તો ઉન્માદ છે. અહા! એ વીતરાગી સંતોને અંતરમાં આત્મદર્શન, સ્વાનુભૂતિ અને સંયમપરિણતિજનિત વિશેષ શાન્તિ ને આનંદ પણ

સતત વર્તે છે; તેઓ પણ કહે છે કે અમને જે આ બીજાને તત્ત્વ સમજાવવાનો વિકલ્પ ઊઠે છે તે રાગ છે, ઉન્માદ છે. રાગ છે તે રોગ છે, દુઃખ છે. આવા ભાવલિંગી સંતોને ઊઠતો ઉપદેશનો વિકલ્પ પણ ઉન્માદ છે, તો પછી જેને ઉપદેશના રાગનો રસ ચડી ગયો છે તેની તો વાત જ શી? એ તો રાગનો પ્રેમી મિથ્યાદષ્ટિ છે. અહા! આવી વાતો છે, બાપુ! માર્ગ કોઈ જુદો છે. ૭૩.

* અરેરે! આ દુર્લભ મનુષ્ય અવતાર પૂરો કરીને જીવો એક પછી એક ચાલ્યા જાય છે. કોઈનું હાર્ટફેલથી, કોઈનું અકસ્માતથી, કોઈનું બીમારીથી આયુષ્ય પૂરું થઈ જાય છે. જે દિવસે, જે પહોરે ને જે સમયે જે વિધિએ દેહ છૂટો પડવાનો છે તે વખતે ને તે રીતે છૂટો પડશે જ. તે પહેલાં ભાઈ! તું અંદર દ્રવ્યદષ્ટિના જોરે શ્રદ્ધા-જ્ઞાનમાં તેનાથી છૂટો પડી જા;—તો તને અંતરમાં શાન્તિ અને સુખ પ્રગટ થશે. દેહ તો અનંત વાર છૂટો પડી ગયો, પણ તું હવે દેહથી ને રાગથી છૂટો પડ. પરપદાર્થની વિસ્મયતા છોડી દે નાથ! તારામાં અનંત વિસ્મયતાનું અચિંત્ય તત્ત્વ પડ્યું છે, અનંત ગુણોની આશ્ચર્યકારી વિભૂતિ પડી છે તેની તને ખબર નથી. ભાઈ! તારે બીજું કાંઈ કરવાનું નથી, માત્ર અનંન ગુણરત્નોના ઓરડા જેમાં ભરેલા છે એવા અદ્‌ભુત ઋદ્ધિસંપન્ન નિજ કાયમી સ્વરૂપ પર દષ્ટિ દે; તો તને અંતરમાં સંતોષ થશે કે 'હું તો સદા કૃતકૃત્ય છું'. તેમાં ઠરતાં તું પર્યાયે પણ કૃતકૃત્ય થઈ જઈશ. ૭૪.

* ચક્રવર્તીના નાના રાજકુમારોની વાત આવે છે. તેમને અંતરથી વૈરાગ્ય ઊછળ્યો છે, દીક્ષા લેવા માટે માતા પાસે રજા લેવા જાય છે. રજા માગતાં તેઓ માતાને વિનયપૂર્વક નમ્રતાથી કહે છે: હે આ શરીરની જણેતા! અમને અમારો અતીન્દ્રિય આનંદનો સાગર—ભગવાન આત્મા જણાયો છે, હવે અમારે એમા વિશેષ સ્થિર થવા માટે ચારિત્રધર્મ અંગીકાર કરવો છે—જૈનેશ્વરી ભગવતી દીક્ષા લેવી છે, માટે તું અમને અમારા ઉજ્જવળ કાર્ય માટે ખુશી થઈને રજા આપ; અમારે અમારા આત્મામાં જવું છે, ત્યાં રમવું છે. માતા કહે છે: બેટા! તમારી ઉંમર નાની છે; આરસના મહેલમાં રહેનારા ને મખમલની પથારીમાં શયન

કરનારા તમે વનનાં એ ટાઢ-તડકા કઈ રીતે સહન કરશો ? માટે હમણાં થોડો વખત ખમી જાવ. દીકરાઓ કહે છે : અરે, માતા ! તું અમારા પ્રત્યેનો મોહ છોડ; અમે આજે જ દીક્ષા લઈશું અને કોલકરાર કરીએ છીએ કે હવે અમે બીજી માતાને નહિ રડાવીએ, તારે રડવું હોય તો રડી લે, અમે તો અતીન્દ્રિય આનંદના માર્ગે પ્રયાણ કરીને મુક્તિ પામશું, હવે અમે ભવ ધારણ નહિ કરીએ, બીજી જણેતા નહિ કરીએ. ૭૫.

* ભાઈ! આ રૂપાળું શરીર, રૂપાળી સ્ત્રી, પાંચ-પચાસ કરોડ રૂપિયા—એ કાંઈ આશ્ચર્યકારી ચીજ નથી, અરે ! પુણ્યપરિણામ પણ આશ્ચર્યકારી નથી; એ બધાં દુઃખનાં નિમિત્તો છે. આશ્ચર્યકારી અને સુખનું કારણ તો એકમાત્ર ભગવાન આત્મા છે. તેને બરાબર ઓળખી, તેનો વારંવાર મહિમા લાવી સ્વસન્મુખતાનો પુરુષાર્થ ઉપાડવો, પ્રમાદ તોડવો. ૭૬.

* જીવને દુઃખનું કારણ નિજ આત્મા વિષે અનાદિ ભ્રાન્તિ, અજ્ઞાન ને કષાયભાવ છે. તે વિભાવોનો નાશ કરવાથી દુઃખનો અભાવ અર્થાત્ સુખની પ્રાપ્તિ થાય છે. દુઃખનો નાશ તે 'નાસ્તિ'થી કથન છે, સુખની પ્રાપ્તિ તે 'અસ્તિ'થી કથન છે. જીવે અનાદિ કાળમાં ધર્મના નામે બધું કર્યું, અનંત વાર દિગંબર જૈન સાધુ થયો, પંચ મહાવ્રત પાળ્યાં, દુર્ધર અનુષ્ઠાન કર્યાં—'મુનિવ્રત ધાર અનંત વાર ગ્રીવક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયો.' સુખનું ધામ, આશ્ચર્યકારી નિધાન આત્મા છે. તે શુભાશુભ રાગથી ભિન્ન છે. વર્તમાન એક સમયની પ્રગટ પરિણતિની સમીપ અંતરમાં જે આખું તત્ત્વ શક્તિ-ભરપૂર પડ્યું છે તેના તરફ દૃષ્ટિ કરે, વારંવાર તેનો મહિમા લાવી અંતર્મુખ થવાનો પુરુષાર્થ કરે તો નિજ 'સ્વયંજ્યોતિ સુખધામ'ની પ્રાપ્તિ થાય. ૭૭.

* અરેરે ! જિંદગી વહી જાય છે; તેમાં ઘણો કાળ તો પાપમાં ને પાપમાં જાય છે. દિવસરાત—બાવીસ બાવીસ કલાક—વેપારધંધા, ખાવાપીવા, ભોગ ભોગવવા ને ઊંઘમાં જાય; નવરો થઈ બે કલાક કદાચિત્ વ્યાખ્યાન સાંભળવા જાય તો ત્યાં પણ તેને કેવું સાંભળવાનું મળે ?

'દયા પાળો, દાન કરો, વ્રત લો, યાત્રા કરો તો ધર્મ થશે' એમ બહારની ક્રિયા ને રાગના કર્તાપણાની સંસારવર્ધક ઊંધી વાતો સાંભળવાની મળે. કદાચિત્ સાચું સાંભળવાનું મળે તો ય ત્યાં શ્રવણના લક્ષે થોડું પુણ્ય થાય. તે અશુભમાંથી શુભમાં આવ્યો, પણ તેથી તેમાં કાંઈ આત્માની સાચી શાન્તિ નથી. મારે તો બસ એક શાશ્વતી શાન્તિ જોઈએ છે એમ અંદરના ઊંડાણથી ભાવના પ્રગટ કરીને શાન્તિના શાશ્વત નિધાન એવા નિજ જ્ઞાયક ધ્રુવ તત્ત્વનું યથાર્થ સ્વરૂપ સમજે, તેની અંદરમાં પ્રતીતિ કરે તો સાચી શાન્તિ અવશ્ય મળે જ. ૭૮.

✽ નિજ ચૈતન્ય જ્ઞાયકપ્રભુ કે જે અનંત અનંત જ્ઞાન-આનંદાદિ ગુણોનો દરિયો છે તેની અંતર્મુખ પુરુષાર્થ વડે જે અપૂર્વ રુચિ થઈ, ધર્મની શરૂઆત થઈ, તે જો છૂટી જાય તો આ અમૂલ્ય મનુષ્યભવ હારી જાય. અંતર્મુખ આત્મસાધનાના આ માર્ગને દુનિયામાં માનનારા ન મળે, તોપણ ધર્મની રુચિ છોડવી નહિ. હું તો પૂર્ણાનંદનો નાથ જ્ઞાયક-પ્રભુ ગુણોનો સમુદ્ર છું, હું રાગ કે ક્ષણવર્તી પર્યાય જેટલો નથી, ત્રિકાળી શુદ્ધ ધ્રુવ ચૈતન્ય ભગવાન છું—એવી દૃષ્ટિ, અનુભૂતિ અને રમણતા છોડવી નહિ. દુનિયા માને કે ન માને, સત્યના માનનારની બહુ સંખ્યા હોય કે ન હોય, તોપણ ભગવાન જિનેન્દ્રદેવે કહેલું જે પરમ તત્ત્વ—નિજ જ્ઞાયકભાવ—તેની જે રુચિ થઈ, ધર્મની દશા પ્રગટી, તેને છોડીશ નહિ. ગમે તેવા પ્રતિકૂળ સંયોગો હોય તોપણ અંતરમાં ધર્મ કે રુચિ છોડવાં નહિ, નહીંતર અમૂલ્ય મનુષ્ય ભવ હારી જઈશ. અનંત કાળે આવો મનુષ્યભવ મળવો મુશ્કેલ છે. માટે આ દુર્લભ માનનુભવમાં આત્માની રુચિ અને ધર્મની પરિણતિ પોતાના પુરુષાર્થ વડે પ્રાપ્ત કરીને તેને ટકાવી રાખજે. ૭૯.

✽ પરસ્પર ઝઘડા ઉઠનેસે બહુત નષ્ટ હો ચુકે,
બડે બડે ધનિક ભી નષ્ટ હો ગયે;
દુષ્ટોંકે સાથ ઝઘડા કરના અચ્છા નહીં;
યદિ દ્રવ્યકા ત્યાગ કરના પડે તો ઠીક હૈ.

(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૨૯૩)

बालकुमार रामचंद्रजीना दृष्टांते

# ॐ सिद्धोने ज्ञान-अरीसामां उतारतां ज्ञानीओ

[ श्री नाटक समयसार शास्त्र उपर परम पूज्य गुरुदेवश्रीनुं प्रवचन ]

( सळंग प्रवचन नं. १५ )

श्री नाटक समयसार ग्रंथनो आ प्रथम अधिकार 'जीवद्वार' शरू थाय छे, तेमां प्रथम मांगलिकरूपे चिदानंद भगवाननी स्तुति करे छे. आम तो अमृतचंद्राचार्यना कळशनो भावार्थ ज छे.

शोभित निज अनुभूति जुत चिदानंद भगवान ।
सार पदारथ आतमा, सकल पदारथ जान ।।१।।

भगवान आत्मा केवो छे? के—निज अनुभूतिथी सुशोभित छे. पोतानी अनुभूति वडे अनंत ज्ञान आनंद स्वरूप भगवान आत्मा प्रकाशमान थाय छे. पुण्य-पाप, विकल्प के निमित्तथी आत्मा प्रसिद्धिमां आवतो नथी. आवा आत्माने मांगलिकमां नमस्कार करे छे.

आजथी ९०० वर्ष पहेलां अमृतचंद्र आचार्य थई गया. तेमणे श्री कुंदकुंद-आचार्यदेव द्वारा रचित समयसारनी घणी गूढ गंभीर टीका रची छे जाणे अध्यात्म-मंदिरना कळश जेवी टीका बनावी छे. तेनुं मांगलिक पण जुओने केवुं छे!

भगवान आत्मा शरीर अने कर्मथी तो रहित ज छे पण पुण्य-पापना विकारथी पण रहित छे एवो आत्मा ते समयसार छे अने ते स्वसंवेदन वडे प्रकाशित थाय छे. पुण्य–पापना रागस्वभावथी अनुसरवुं ए तो अनादिथी चाल्युं आवे छे पण ए तो अज्ञान छे. हवे पोताना ज्ञानआनंद स्वभावमां एकाग्र थईने तेने अनुसरवुं ते सम्यक्ज्ञान छे. अहो! ज्ञान–आनंदनी अनुभूतिथी आत्मा प्रकाशित थाय छे, शोभित थाय छे, तेनुं नाम धर्म छे. बधुं कथन अस्तिथी छे.

सम + अय + सार = शरीर, कर्म अने पुण्य–पापना रागथी रहित जे सारभूत पोतानो चिदानंद आत्मा छे ते पोतानी आनंदनी अनुभूतिथी सुशोभित थाय छे; प्रकाशित थाय छे. आ रीते प्रथम धर्मनी शरूआत थाय छे. स्वानुभूति वडे प्रकाशे एवो ज आत्मानो स्वभाव छे. माटे कह्युं के स्वानुभूत्या चकासते। अलिंगग्रहणना २० बोल छे तेमां छठ्ठा बोलमां आ ज वात छे के 'आत्मा पोताना स्वभावथी स्वयं

પ્રકાશમાન પ્રત્યક્ષ જ્ઞાતા છે.' બહુ સૂક્ષ્મ વાત છે. જૈનદર્શન જ સૂક્ષ્મ છે. અરે! વસ્તુનું સ્વરૂપ જ એવું છે. રાગરહિત વીતરાગ નિર્વિકલ્પ ચીજને જ જૈનપણું અથવા આત્મા કહેવાય છે. સ્વસંવેદનમાં જ આવા આત્માની પ્રતીતિ થાય છે અને ત્યારે જ આત્માની યથાર્થ શ્રદ્ધા થાય છે.

આ शोभित निज अनुभूत નો અર્થ ચાલે છે. પુસ્તક સામે રાખીને જુઓ! ધંધાના ચોપડા તો બહુ તપાસો છો! હવે આ ચોપડા તપાસો. બે હજાર વર્ષ પહેલાં ભગવાન કુંદકુંદઆચાર્ય થઈ ગયાં. તેઓ શાક્ષાત્ સીમંધર ભગવાન પાસે મહાવિદેહમાં ગયાં હતાં. આઠ દિવસ ત્યાં રહ્યાં અને ભગવાનની વાણી સાંભળી હતી. એ કુંદકુંદાચાર્યે આ શાસ્ત્ર રચ્યું છે અને તેના ઉપર અમૃતચંદ્ર આચાર્ય કે જે ૯૦૦ વર્ષ પહેલાં વનવાસી દિગંબર સંત થઈ ગયાં તેમણે ટીકા રચી છે. તેનો માંગલિકનો આ કળશ છે. તેનો અર્થ ચાલે છે. 'नमः समयसाराय...' આ મહામાંગલિક છે. તેમાં કહે છે કે પોતાના આનંદનો અનુભવ કરવાથી આત્માને ધર્મ થાય છે, તેનાથી આત્મા શોભિત છે, રાગ અને પુણ્ય-પાપના અનુભવથી તો આત્મા અશોભિત છે.

આ મારગ અલૌકિક છે ભગવાન! કોઈ જુદી જાતનો મારગ છે. લોકો આ માર્ગને જાણતાં નથી અને સેવા-પૂજામાં જ ધર્મ માનીને અટકી ગયા છે. અનાદિકાળથી શુભાશુભ રાગના વેદનમાં—એ તરફના ઝુકાવના કારણે મિથ્યાત્વના વેદનમાં ઝૂલતો અજ્ઞાની ચારગતિમાં રખડે છે અને દુ:ખી થાય છે, તો હવે તેને ધર્મ અને સુખ કેવી રીતે થાય તેનું આ કથન છે.

ભગવાન આત્મા દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મથી રહિત છે. દ્રવ્યકર્મ એટલે જ્ઞાનાવરણાદિ આઠ જડકર્મો, ભાવકર્મ એટલે રાગાદિ વિકાર અને નોકર્મ એટલે શરીરાદિ સંયોગી પદાર્થ. તે ત્રણેયથી જે રહિત છે તે સમયસાર-આત્મા છે. શુભ-અશુભ રાગનું વેદન તો અજ્ઞાનીને અનાદિથી છે પણ તે તેને શોભતું નથી. તે આત્માનો શૃંગાર નથી. પ્રભુ! તારા સ્વભાવમાં તો અતીન્દ્રિય અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ આદિ ભર્યા પડયાં છે, તે તરફ ઝુકાવ કરવાથી પર્યાયમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય તે ધર્મ છે. વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્માએ કહેલું આ ધર્મનું સ્વરૂપ છે. એવો ધર્મ પ્રગટ થાય તેમાં તારી શોભા છે. વિકાર અને ચારગતિથી છૂટવાની ભાવનારૂપ અંતરદશા તે ધર્મ છે.

અરિહંત, સિદ્ધ આદિ પંચપરમેષ્ઠી તો પરદ્રવ્ય છે, તેનો પોતાને અનુભવ થઈ શકતો નથી. તેના તરફ લક્ષ જાય છે એ તો વિકલ્પ છે, રાગ છે. પોતાની અનુભૂતિથી

પોતે પ્રગટ પ્રકાશમાન થાય છે. આ તો હજી અનુભૂતિની એટલે પર્યાયની વાત ચાલે છે. પર્યાય એટલે અવસ્થા. દ્રવ્ય-ગુણ ત્રિકાળ છે અને પર્યાય ક્ષણિક છે. તે પર્યાયમાં અનાદિથી રાગ-વિકાર અને મિથ્યાત્વનું વેદન છે તે આત્મા નથી તે તો અનાત્માનું વેદન છે. જ્ઞાનાનંદસ્વભાવને અનુસરીને જે જ્ઞાન-આનંદનું વેદન પર્યાયમાં આવે છે તેના વડે આત્મા પ્રકાશમાન થાય છે, તે વડે આત્માની યથાર્થ પ્રતીતિ થાય છે.

આ તો વીતરાગનો કોઈ અચિંત્ય માર્ગ છે. બહારમાં શરીરની ક્રિયાની પ્રવૃત્તિ આદિથી ધર્મ મનાઈ રહ્યો છે એ તો અનાદિથી ચાલ્યો આવતો મિથ્યાત્વભાવ જ છે, નરક અને નિગોદમાં જવાની ખાણ છે. શરીર તો જડ છે અને રાગ થાય છે તે પણ ચેતન નથી. નવતત્ત્વમાં તે આસ્રવતત્ત્વ છે. તેનાથી રહિત પોતાનો શુદ્ધ આત્મદ્રવ્ય-સ્વભાવ છે તેની અનુભૂતિ કરવી તે ધર્મ છે, તે સાર છે. અનુભૂતિ થઈ તે જ આત્માને સાચા નમસ્કાર છે. તે જ આત્માને નમી ગયો. નમન નામ વિનય એટલે આત્માનો આદર અને સત્કાર કરવો તે જ આત્માની અનુભૂતિ છે.

આ સૂક્ષ્મ વાત છે. ધર્મ સુલભ છે પણ સાધારણ માણસ સ્થૂળ રીતે સમજી જાય એવો આ ધર્મ નથી. બહુ દુર્લભ છે, બહુ અલૌકિક વાત છે, અપૂર્વ છે. કેમકે અનંત કાળમાં એક સેકંડ પણ આવી અનુભૂતિ થઈ નથી. જો એક સેકંડ પણ અનુભૂતિ થઈ હોય તો તેની મુક્તિ થયા વિના ન રહે. બીજ ઊગે અને પૂનમ ન થાય એમ કદી બને નહિ, પૂનમ થાય, થાય ને થાય જ. તેમ એક વાર ભગવાન ચૈતન્ય તરફ ઝુકાવ થઈને આનંદનો અનુભવ અને સમ્યગ્જ્ઞાનની બીજ ઊગી તેને કેવળજ્ઞાનરૂપી પૂનમ થયા વગર રહે નહિ. તેને કેવળજ્ઞાન લીધે છૂટકો છે.

भावाय એટલે ભગવાન. જે પોતાના સ્વભાવભાવ સ્વરૂપ છે, પરભાવ સ્વરૂપ નથી પણ પોતાના ભાવસ્વરૂપ ભગવાન છે અને चित्स्वभावाय એટલે જ્ઞાન અને આનંદ એ આત્માનો સ્વભાવ છે.

દરબાર (એક ગરાસીયા મુમુક્ષુ)! આ આત્મા દરબાર છે. તેમાં અનંત જ્ઞાન આનંદ આદિ સામ્રાજ્ય છે. તેનો તું સ્વામી છો. તું કલ્યાણ સ્વરૂપ છો અને કલ્યાણ કરવાવાળો છો પણ તેના ભાન વગર કલ્યાણ કેવી રીતે થાય! આત્માના ભાન વગર જ અનાદિથી અજ્ઞાની બહારની ક્રિયાથી પોતાનું કલ્યાણ માની રહ્યો છે.

भावाय એટલે દ્રવ્ય અને ચિત્સ્વભાવાય એ તેનો સ્વભાવ છે. જેમ, સાકરનો મીઠો અને સફેદ સ્વભાવ છે, અફીણનો કડવો અને કાળો સ્વભાવ છે તેમ, ભગવાન આત્માનો જ્ઞાન અને આનંદ સ્વભાવ છે અને અનુભૂતિ તે તેની પર્યાય છે.

सर्वभावान्तरच्छिदे એટલે ભગવાન આત્મા સર્વભાવોને જાણવાવાળો છે.

ભાવાય તે દ્રવ્ય છે, ચિત્તસ્વભાવ તે ગુણ છે અને સ્વાનુભૂતિ તે તેની નીચલી દશાની અધૂરી પર્યાય છે, તે આનંદરૂપ ધર્મની પર્યાય વડે સર્વને જાણનારું જ્ઞાન પ્રગટ થાય છે. અનુભૂતિ વડે સર્વજ્ઞપદ પ્રગટ થાય છે. કોઈ રાગ કે નિમિત્ત વડે સર્વજ્ઞપણું પ્રગટ થતું નથી એ અહીં સિદ્ધ કરવું છે. અનુભૂતિમાં પોતાનું સ્વરૂપ તો જાણવામાં આવ્યું હતું પણ હવે પોતાથી જુદા સર્વ પદાર્થનું પણ એકસાથે જાણવું થાય તે સર્વજ્ઞદશા અનુભૂતિ વડે જ થાય છે. સ્વાનુભૂતિ તે ધર્મની શરૂઆત છે, સંવર-નિર્જરા છે અને સર્વભાવાંતરચ્છિદે એટલે મોક્ષ તે પૂર્ણતા છે. આમ, એક કળશમાં જીવદ્રવ્ય, તેના ગુણ અને સંવર, નિર્જરા અને મોક્ષ પર્યાય આ બધું આવી ગયું. આસ્રવ, બંધ અને અજીવ તે જીવમાં નથી માટે તેની અહીં વાત જ લીધી નથી. નાસ્તિની વાત જ કરી નથી, અસ્તિ જ બતાવી છે.

જુઓ ! આવું આ સમયસારનું અલૌકિક માંગલિક છે. જેમ, ભેંસના આઉમાંથી બળૂકી બાઈ અંદરમાં જે દૂધ ભર્યું છે તે બહાર લાવે છે તેમ, અમૃતચંદ્રાચાર્યે કસ બહાર કાઢ્યો છે. શાસ્ત્રમાં જે ભાવ ભર્યા છે તેને અમૃતચંદ્રાચાર્ય જોર દઈને બહાર લાવ્યા છે એવી આ ટીકા છે.

હવે, सर्वभावान्तरच्छिदे રૂપ જે મોક્ષની પર્યાય છે તેને પ્રાપ્ત થયેલાં સિદ્ધ-ભગવાનની બનારસીદાસજી સ્તુતિ કરે છે.

સિદ્ધભગવાનની સ્તુતિ, જેમાં શુદ્ધઆત્માનું વર્ણન છે :—

जो अपनी दुति आप विराजत,
　　है परधान पदारथ नामी ।
चेतन अंक सदा निकलंक,
　　महा सुख सागरको विसरामी ॥
जीव अजीव जिते जगमैं,
　　तिनकौ गुन ज्ञायक अंतरजामी ।
सो सिवरूप बसे सिव थानक,
　　ताहि विलोकि नमैं सिवगामी ॥ २ ॥

જુઓ ! विलोकि કહીને સિદ્ધનું સ્વરૂપ આવું છે એવા ભાન સહિત નમવાની વાત કરી છે. ભાન વગર નમે તે તો 'તૂંબડીમાં કાંકરા' જેવું છે, તૂંબડી એટલે સૂકાઈ ગયેલી દૂધી. જેમાં બી જુદા પડી જાય છે એટલે અંદર ખખડે છે જાણે અંદર

પૈસા ખખડતાં હોય તેમ લાગે પણ એને ભાન નથી કે એ તો બીજ છે. તેમ સિદ્ધને નમસ્કાર કરે છે પણ સિદ્ધના સ્વરૂપની ખબર નથી એવાની આ વાત નથી.

મુમુક્ષુ:—સિદ્ધનું સ્વરૂપ સમજવાની દરકાર હોવી જોઈએ ને!

પૂજ્ય ગુરુદેવશ્રી:—રુચિ હોય ત્યાં દરકાર આવ્યા વિના રહે નહિ. આ ધંધાની દરકાર કોણે શીખવાડી? રુચિ હતી તો દરકાર આવી ગઈ ને! ધંધામાં તો દરકાર આવી ગઈ ને! ધંધામાં તો દરકાર રાખવાથી પૈસા આવતા નથી, એ તો પૂર્વના પુણ્ય હોય તો આવે છે. આંખની પાંપણ ફેરવવી એ પણ તમારું કાર્ય નથી. જડની પર્યાય જડથી થાય, ચેતનનું એ કામ નહિ. છતાં જે એમ માને કે હું જડના કામ કરી શકું છું, હું કમાણી કરું છું—એ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે.

હવે અહીં શ્લોકનો અર્થ કરે છે.

जो अपनी दुति એટલે જ્યોતિથી પોતે પ્રકાશે છે સિદ્ધભગવાન પોતાની ચૈતન્યજ્યોતથી બિરાજે છે. સિદ્ધભગવાન કોઈનું કાંઈ કરી દેતાં નથી. કોઈનું ભલું-બૂરું કરવું એ સિદ્ધનું કાર્ય નથી. **नमो सिद्धाणं** કહેતાં સિદ્ધના સ્વરૂપનું ભાવભાસન હોવું જોઈએ. કેવા છે સિદ્ધભગવાન જેને ચૈતન્યપ્રકાશનું પૂર્ણ નૂર પ્રગટ થઈ ગયું છે તેને સિદ્ધભગવાન કહે છે અને એવી જ શક્તિ આ આત્મામાં પડી છે. તેમાંથી જ સિદ્ધપણું પ્રગટ થાય છે. ધર્મી પોતાના સ્વભાવને આવો માને છે તે વાત આગળ આવી ગઈ છે. 'ચેતનરૂપ અનૂપ અમૂરત, સિદ્ધ સમાન સદા પદ મેરો.' શરીર નહિ, કર્મ નહિ, રાગ નહિ પણ અલ્પજ્ઞપણું પણ મારો સ્વભાવ નહિ, હું તો સિદ્ધ સમાન છું. સૂક્ષ્મ વાત છે! અપૂર્વ છે! અનંતકાળમાં કદી જાણી નથી એવી વાત છે. દયા, દાન, વ્રત, ભક્તિ તો અનંતવાર કર્યા છે તે કોઈ અપૂર્વ નથી.

આત્મામાં સદાય જે સિદ્ધસ્વરૂપ સત્ત્વ છે તેમાંથી એન્લાર્જ થઈને પર્યાયમાં સિદ્ધપણું પ્રગટ થાય છે. આ તો અંદરનો ફોટો પાડવાની વાત છે. પણ અરે! 'મોહ મહાતમ આતમ અંગ, કિયો પરસંગ મહાતમ ઘેરો' મેં મારા સ્વરૂપને ન જાણીને મહા મિથ્યાત્વને કારણે જે મારા નથી એવા શરીર અને રાગાદિને મારા માન્યા. આ મહા મોહરૂપ મિથ્યાત્વના કારણે આવું માની રાખ્યું છે.

ભગવાન આત્મા તો ચૈતન્યજ્યોત સિદ્ધ સમાન હોવા છતાં વર્તમાન પર્યાયમાં મેં મહા મિથ્યાત્વના કારણે વિકલ્પો ઊભા કરીને સ્વભાવને ઘેરો ઘાલ્યો છે અને પરનો સંગ કરીને મહા અજ્ઞાનરૂપી અંધકાર ફેલાવ્યો છે પણ હવે બનારસીદાસજી કહે છે કે 'જ્ઞાનકલા ઉપજી અબ મોકૂ, કહૂં ગુણ નાટક આગમકેરો.' બનારસીદાસજી કહે છે

કે રાગ અને વિકલ્પથી રહિત સ્વરૂપનું ભાન મને થઈ ગયું છે તેથી સમયસારરૂપી આગમનું નાટક કહીને તેમાં હું તેના ગુણ કહીશ. તેના પ્રસાદથી મારો મોક્ષમાર્ગ સધાશે. પુણ્યથી મોક્ષમાર્ગની સાધના થતી નથી. તારણસ્વામીએ એક જગ્યાએ કહ્યું છે કે જો તું જનરંજન કરાવવા માટે પુણ્યથી ધર્મ થવાનો ઉપદેશ આપે છે તો તું નરકગામી છો. ઊલટો માર્ગ બતાવીને દુનિયાને રાજી રાખે છે તેને નરક સિવાય બીજું શું હોય! મોક્ષમાર્ગની સાધના તો પોતાના આનંદસ્વરૂપને સાધતાં સાધતાં થાય છે.

'જાસૂં પ્રસાદ સધૈ શિવમારગ, વેગ મિટે ઘટવાસ વસેરો...'

અહા! આ દેહ તો હાડકાં, ચામડાથી બનેલો છે, માટી છે એમાં આત્માને વસવું એ તો કલંક છે. ઊંચામાં ઊંચા મેસૂબને ગધેડાંના ચામડામાં વીંટવા જેવી આ દશા છે, કલંક છે, મોક્ષને સાધતાં આ કલંકરૂપ દેહમાં વસવું શીઘ્ર છૂટી જાય છે, ભવમાં વસવું છૂટી જાય છે—શીઘ્ર છૂટી જાય છે.

આ બધું પહેલાં સમજણમાં લેવાની ચીજ છે. સમજે તો પછી પ્રયોગમાં મૂકી શકે પણ સમજ્યા વગર વીર્ય કયા ફેરવે? કયાં જવું છે અને કયાંથી હટવું છે તેની ખબર વગર કયાં જાય!

અહીં સિદ્ધની સ્તુતિ કરતાં કહે છે કે, સિદ્ધ ભગવાન પોતાની આત્મ-જ્યોતિથી પ્રકાશિત છે, સર્વ પદાર્થોમાં પ્રધાન છે,—અગ્રેસર છે. ચેતન જેનું લક્ષણ નામ ચિહ્ન છે, જાણવું-દેખવું એ તેનો ટ્રેડમાર્ક છે. પુણ્ય-પાપના વિકલ્પ એ તેનું લક્ષણ નથી. પ્રભુ તો નિર્વિકાર છે તેમ આ આત્મા પણ વસ્તુ તરીકે ત્રિકાળ નિર્વિકાર છે અને નિષ્કલંક છે.

સિદ્ધભગવાન મહા સુખસાગરમાં આનંદ કરે છે. કોઈ પ્રશ્ન કરતું હતું મહારાજ! સિદ્ધભગવાન કોઈનું કામ કરે કે નહિ? અમે તો પાંચ-પચીસ માણસોનું કામ કરે તેને મોટા માનીએ છીએ. ભાઈ! સિદ્ધભગવાન કોઈનું કાંઈ કામ ન કરે. કોઈનું ભલું-બૂરું ન કરે. તમે પણ કોઈનું ભલું કરી શકતાં નથી માત્ર માન્યતા કરો છો. તમે તમારાં શરીરમાં રોગ આવે તેને પણ મટાડી શકતાં નથી તો બીજાનું તો કયાંથી કરી શકો?

શિષ્ય:—રોગ તો ડાકટર મટાડે.

પૂજ્ય ગુરુદેવશ્રી:—અરે! ડાકટર રોગ શું મટાડવાનો હતો! ડાકટર પોતાને પણ રોગ કે મરણથી બચાવી શકતો નથી. દેહની સ્થિતિ જે સમયે જે ક્ષેત્રમાં જેવી થવાની હોય તેવી થાય...થાય ને થાય જ. તેને ફેરવવા ઉપરથી ઇન્દ્રને ઉતારો તો પણ ફરે નહિ.

અહીં તો કહે છે, આરામગૃહ તો ભગવાન આત્મા છે. સિદ્ધભગવાન એ મહા

સુખસાગરમાં વિશ્રામ કરે છે. જુઓ! પહેલાં સિદ્ધભગવાનને યાદ કર્યા છે. પોતાને સિદ્ધ થવું છે ને! પ્રભુ! તમે તો નીચે પધારતાં નથી પણ અમે તો તમને યાદ કરીને નીચે ઉતારીએ છીએ. કુંદકુંદઆચાર્ય ગાથામાં પણ પ્રથમ સર્વ સિદ્ધોને નમસ્કાર કરે છે. वंदितु सव्व सिद्धे....

રામચંદ્રજી જ્યારે નાના હતાં—બે વર્ષના, ત્યારે એકવાર અગાસીમાં બેઠા હતાં. ત્યાંથી ચંદ્ર ઉપર નજર જતાં ચંદ્રને નીચે બોલાવવાની ચેષ્ટા કરવા લાગ્યા. રામચંદ્ર એ જ ભવે મોક્ષગામી હતા ને! તો પુત્રના લક્ષણ પારણેથી જ હોય ને! ચંદ્રને બોલાવે પણ આવે નહિ એટલે રડવા લાગ્યા. ત્યારે દશરથરાજા દીવાનને કહે છે કે તપાસ કરો રામચંદ્ર કેમ રડે છે? દિવાન કહે, હું દિવાનપણું કરું કે બાળકને રમાડું! અરે! આ તો મહાપુરુષ છે! ભાગ્યવાન-પુણ્યશાળી છે. ભાગ્ય કાંઈ ભભૂત લાગવાથી થોડું છૂપાઈ જાય છે! દિવાન સમાધાન કરવા જાય છે કે કેમ બાળક રડે છે! જોયું...ઠીક, આને તો ચંદ્રને નીચે ઉતારવો છે. એ કેમ ઉતરે!...નીચેથી અરીસો લઈ આવ્યાં તેમાં ચંદ્રનું પ્રતિબિંબ રામને બતાવીને અરીસો ખીસ્સામાં નાખી દીધો. એટલે રામ રડતાં બંધ થઈ ગયાં. તેમ જ્યારે આત્મા સિદ્ધભગવાનને યાદ કરે છે ત્યારે સિદ્ધ તો નીચે આવતાં નથી પણ સિદ્ધ સમાન પોતાના આત્માની અનુભૂતિ કરે છે તો જાણે સિદ્ધ મારા હૃદયમાં આવી ગયા એમ લાગે છે. હું જ સિદ્ધ સમાન છું, મારું સ્વરૂપ સિદ્ધ જેવું જ છે એવો અનુભવ કરતાં પોતે સિદ્ધ થઈ જાય છે.

સિદ્ધભગવાનને મહાસુખસાગર વિશ્રામી કહ્યાં પણ સાગર તો અલ્પ જોજનના વિસ્તારવાળો-કાંઠાવાળો હોય છે અને સિદ્ધને તો અનંત અનંત આનંદનો સાગર પર્યાયમાં ઊછળે છે. દરિયાની મધ્યમાંથી ભરતી આવે છે તેમ દ્રવ્યમાં જે આનંદ છે તેની પર્યાયમાં ભરતી આવે છે.

सो सिवरूप वसै सिव थानक । ઉપર શિવસ્થાન છે ત્યાં સિદ્ધભગવાન વસે છે. ત્યાં બંગલા નથી હો! બંગલા, લાડી, ગાડી, ઘોડી વગેરે કાંઈ ત્યાં નથી. પરચીજના લક્ષે તો આકુળતા ઉત્પન્ન થતી હતી તેનો નાશ કરીને અનાકુળતા ઉત્પન્ન થઈ છે તેને હવે પરચીજનું શું કામ છે! પોતાનો અનંત આનંદ સાગર ઊછળે છે તેનો અનુભવ કરે છે તેને બાહ્ય કોઈ ચીજની જરૂર નથી. તે તો પોતાના અસંખ્યપ્રદેશમાં રહે છે.

સિદ્ધભગવાન મોક્ષરૂપ છે, મોક્ષપુરીના નિવાસી છે, તેમને મોક્ષગામી જીવ જ્ઞાનદૃષ્ટિથી જોઈને નમસ્કાર કરે છે. ધર્મી જીવને સિદ્ધ સમાન પોતાના સ્વરૂપની દૃષ્ટિ થઈ ગઈ છે અને સિદ્ધપર્યાયનું જ્ઞાન થઈ ગયું છે તે જ્ઞાનદૃષ્ટિ વડે સિદ્ધને નમસ્કાર કરે

છે. શ્રીમદ્દજી અપૂર્વ અવસરમાં લખે છે ને!

સાદિ અનંત અનંત સમાધિસુખમાં,
અનંત દર્શન-જ્ઞાન અનંત સહિત જો...અપૂર્વ અવસર૦

શ્રીમદ્ રાજચંદ્ર થઈ ગયા તેની ખબર છે! વવાણિયામાં થઈ ગયા. સાત વર્ષની ઉંમરે જાતિસ્મરણ થયું હતું, સોળ વર્ષની ઉંમરે તો મોક્ષમાળા બનાવી. માળામાં ૧૦૮ મણકા હોય તેમ આમાં ૧૦૮ પાઠની મોક્ષમાળા બનાવી. ઘણી શક્તિ હતી. ઘણો ક્ષયોપશમ. ત્રણ દિવસમાં આખી મોક્ષમાળા બનાવી. આત્મા કયાં સોળ વરસનો છે! એ તો અનાદિ અનંત છે એ મોક્ષમાળાનો એક પાઠ છે કે—

હું કોણ છું, કયાંથી થયો, શું સ્વરૂપ છે મારું ખરું!
કોના સંબંધે વળગણા છે, રાખું કે એ પરિહરું;
એના વિચાર વિવેકપૂર્વક, શાંતભાવે જો કર્યા,
તો સર્વ આત્મિકજ્ઞાનના, સિદ્ધાંત તત્ત્વ અનુભવ્યાં.

તેનો વિચાર વિવેકપૂર્વક એટલે રાગથી અને વિકલ્પથી ભિન્ન પડીને વિચાર કરે તો આત્માના સર્વભાવ અનુભવમાં આવે. આત્મા શુદ્ધ, ચૈતન્ય, આનંદઘન છે એવું જ્ઞાનમાં આવી જાય.

અહીં કહે છે **ताहि विलोकि नमैं सिवगामी ।** જેને પોતાના જ્ઞાનમાં પોતાની અનુભૂતિ થઈ છે તે પોતાના જ્ઞાનમાં સિદ્ધના સ્વરૂપનું અવલોકન કરીને સિદ્ધને નમે છે. સમ્યગ્દષ્ટિ-જ્ઞાની આ સિદ્ધને ઓળખીને સિદ્ધને નમસ્કાર કરે છે. **नमो सिद्धाणं** કહે પણ સિદ્ધના સ્વરૂપને ઓળખે નહિ તેની આ વાત નથી.

**नमो अरिहंताणं** એટલે જેણે અરિ નામ રાગદ્વેષ અને અજ્ઞાનને હણીને વીતરાગતા અને કેવળજ્ઞાન પ્રગટ કર્યું તેને અરિહંત કહેવાય છે. અરિહંતને ચાર કર્મનો નાશ થયો છે અને સિદ્ધને આઠેય કર્મનો નાશ થઈને જે જ્ઞાનશરીરી થયા છે તે સિદ્ધને બનારસીદાસ નમસ્કાર કરે છે. જ્ઞાન અને આનંદ જ જેનું શરીર છે તેને જે નિરંતર અનુભવે છે એવા સિદ્ધોને નમસ્કાર કરીને માંગલિક કર્યું છે. [ ક્રમશઃ ]

સમયસાર-સૂર્યનાં જ્ઞાનકિરણો પ્રકાશનાર શ્રી સદ્દગુરુદેવનો જય હો.

વસ્તુસ્વરૂપમાં વાસ્તુ કરાવનાર ચૈતન્યવિહારી શ્રી સદ્દગુરુદેવનો જય હો.

( પ્રવચન પછી 'વાસ્તુ' નિમિત્તે પૂજ્યશ્રીનું સ્વાગતગીત બહેનોએ ગાયું હતું.)

[ વૈરાગ્યજનની : બાર ભાવના......ટાઈટલ બેથી ચાલુ ]

ઘણાં ત્રસજીવોના ઘાતથી તથા એ સહિત મદિરા-અતિનિંદ્ય એવા માંસાદિ પદાર્થો છે, તેને જે નિયમથી સેવતો નથી—ભક્ષણ કરતો નથી તે દાર્શનિકશ્રાવક છે.

સમ્યગ્દર્શનપૂર્વક દ્રવ્યસ્વભાવનું વિશેષ અવલંબન વધતાં પાંચમું ગુણસ્થાન જે શ્રાવકપણું તે પ્રગટ થાય છે, તેમાં ક્રમે ક્રમે નિર્મળતાની વૃદ્ધિરૂપ પ્રતિમાના અગિયાર ભેદ છે તેનું સ્વરૂપ કહે છે. પ્રતિમા એટલે દૃઢ પ્રતિમાસમાન પ્રતિજ્ઞાની દૃઢતા. દૃષ્ટિમાં વીતરાગતા છે, ચારિત્રમાં સ્વભાવની લીનતા વડે જેટલા અંશે વીતરાગી શાંતિ વધે છે તેમાં અહીં પાંચમા ગુણસ્થાનની વાત છે.

આત્મજ્ઞાન સન્મુખદૃષ્ટિની મુખ્યતા રાખીને, ઘણા ત્રસ જીવોના ઘાતથી જે ઉત્પન્ન થાય છે એવા અતિ નિંદ્ય મદિરા તથા માંસાદિ પદાર્થો છે તેને નિયમથી સેવતો નથી, ખાતો નથી, ઉદંબરફળ, અંજીર, વડ તથા પીપળાના ફળ વગેરે દાર્શનિક શ્રાવક લે નહીં અર્થાત્ તે લેવાના રાગની ઉત્પત્તિ તેને થતી નથી.

અહીં અગિયાર પડિમાઓનું વર્ણન કરે છે. પડિમા પાંચમા ગુણસ્થાને હોય છે; ત્યાર પહેલાં અંતરમાં શુદ્ધ આત્માનું ભાન અને સમ્યગ્દર્શન તો ચોથા ગુણસ્થાને જ હોય છે. સમ્યગ્દર્શન પછી જ પડિમા હોય છે. સમ્યગ્દર્શન વગર કોઈ ધર્મ હોતો નથી. સમ્યગ્દર્શન વડે શુદ્ધ ચૈતન્યને જેણે ધ્યેય બનાવ્યું છે, તેને જ પછી તેમાં એકાગ્રતા વડે રાગ તૂટતાં આવી પડિમા હોય છે. સમ્યગ્દર્શનપૂર્વક શ્રાવકની દશા કેવી હોય તેની આ વાત છે.

ભાવાર્થ:—મદિરા-માંસ તથા આદિ શબ્દથી મધુ અને પાંચ ઉદંબરફળ કે જે ત્રસજીવોના ઘાત સહિત છે તે વસ્તુઓને પણ જે દાર્શનિકશ્રાવક છે તે ભક્ષણ કરતો નથી. મદ્ય તો મનને મૂર્છિત કરે છે—ધર્મને ભુલાવે છે, માંસ ત્રસ ઘાત વિના થતું જ નથી, મધુની ઉત્પતિ પ્રસિદ્ધ ત્રસઘાતનું સ્થાન જ છે અને પીપળ-વડ-પીલુ આદિ ફળોમાં ત્રસજીવો ઊડતા પ્રત્યક્ષ જોવામાં આવે છે. અન્ય ગ્રંથોમાં પણ કહ્યું છે કે એ શ્રાવકના આઠ મૂળ ગુણો છે. વળી એને ત્રસહિંસાના ઉપલક્ષણ કહે છે, એટલા માટે જે વસ્તુઓમાં ત્રસહિંસા ઘણી હોય તે શ્રાવકને અભક્ષ્ય છે—ભક્ષણ યોગ્ય નથી. વળી અન્યાય પ્રવૃત્તિના મૂળરૂપ છે એવા સાત વ્યસનનો ત્યાગ પણ અહીં કહ્યો છે. જુગાર, માંસ, મદ્ય, વેશ્યા, શિકાર, ચોરી અને પરસ્ત્રી એ સાત વ્યસન છે, 'વ્યસન' નામ આપદા વા કષ્ટનું છે, એના સેવન કરનારને આપદા આવે છે, રાજા વા પંચોના દંડને યોગ્ય થાય છે તથા એનું સેવન પણ આપદા વા કષ્ટરૂપ છે. તેથી શ્રાવક એવા

અન્યાયરૂપ કાર્યો કરતો નથી. અહીં 'દર્શન' નામ સમ્યક્ત્વનું છે તથા જે વડે 'ધર્મની મૂર્તિ છે' એમ સર્વના જોવામાં આવે તેનું નામ પણ દર્શન છે. જે સમ્યગ્દષ્ટિ હોય—જિનમતને સેવતો હોય અને અભક્ષભક્ષણ-અન્યાય અંગીકાર કરે તો સમ્યક્ત્વને મલિન કરે તથા જિનમતને લજાવે માટે એને નિયમથી છોડતાં જ દર્શન-પ્રતિમાધારી શ્રાવક થાય છે.

સમકિતી શ્રાવકને સિદ્ધ પરમાત્મા જેવો અંશે અતીન્દ્રિય આનંદ અંદરમાં પ્રગટ થયો છે તેથી તેમને મદ્ય, માંસાદિ અભક્ષ્ય ખાવાપીવાનો રાગ હોય નહીં. જૈન નામધારી પણ સીધી રીતે મધ, માંસ, દારૂ સેવે નહીં. ખાવા-પીવાની ક્રિયા કોઈ જીવ કરી શકે એ વાત નથી પણ ત્રસહિંસા જેમાં થાય તેવા કોઈ ખોરાકનો રાગ સહજ જ્ઞાનસ્વભાવના ભાન વડે ઉત્પન્ન થવા દે નહીં તેને સાચો શ્રાવક કહે છે.

દર્શન-સમ્યક્ત્વ એટલે જે વડે ધર્મની મૂર્તિ છે એમ સર્વના જોવામાં આવે, સર્વજ્ઞ વીતરાગના અભિપ્રાયને સારી રીતે જાણી અંતર્મુખ જ્ઞાતાપણાની ગાઢ જેને રુચિ છે, તે જિનમતને સેવનારો છે, તે અંતરની વિશેષ શુદ્ધિપૂર્વક અભક્ષ્ય, અન્યાયના પાપને સેવે નહીં. જો સેવે તો સમકિતને મલિન કરે છે ને જિનમતની નિંદા કરાવે, માટે ત્યાગ સહિત અંશે ચારિત્રવાન થતાં જ દર્શન-પ્રતિમાધારી શ્રાવક હોય છે.

दढचितः यः करोति एवं अपि व्रतं निदानपरिहीनः ।
वैराग्यभावितमनाः सः अपि च दर्शनगुणः भवति ॥३२९॥

નિદાન અર્થાત્ આલોક-પરલોકના ભોગોની વાંચ્છારહિત બની ઉપર પ્રમાણે વ્રતમાં દઢચિત થયો થકો વૈરાગ્યથી ભાવિત (આર્દ્ર-કોમળ) થયું છે ચિત્ત જેનું એવો થયો થકો જે સમ્યગ્દષ્ટિ પુરુષ (વ્રત) કરે છે તેને દાર્શનિક શ્રાવક કહે છે.

અનંતાનુબંધી તથા અપ્રત્યાખ્યાનાવરણીય એમ બે કષાય ચોકડીનો નાશ કરી, આત્માની આરાધક દશામાં જ્ઞાન વૈરાગ્યની વૃદ્ધિ કરનારો છે તે શ્રાવક છે.

પ્રથમની ગાથામાં શ્રાવક કહ્યાં તેનાં આ ત્રણ વિશેષ વિશેષણ જાણવા. પ્રથમ તો દઢચિત્ત હોય અર્થાત્ પરિષહાદિ કષ્ટ આવવા છતાં પણ વ્રતની પ્રતિજ્ઞાથી ડગે નહીં.

આ લોકની સગવડતા-યશ-સંપત્તિની આશાથી વ્રત પાળે તો તે વ્રતી નથી. કે ધર્મી જીવને નિત્યાનંદ જ્ઞાનમય સ્વભાવ તે જ તેનો પર ઉત્તમલોક છે, તેમાં જ તે સદા સંતુષ્ટ રહે છે, તેથી તે પરલોક સંબંધી કાંઈ ઇચ્છતો નથી. કોઈ પરની સહાય ઇચ્છતો નથી.

વળી, જ્ઞાનસહિત વૈરાગ્યભાવનાથી જેનું ચિત્ત ભીંજાયેલું હોય છે એવો તે શ્રાવક છે. અતીન્દ્રિય ચિદાનંદ સ્વરૂપના ભાન વિના સાચો વૈરાગ્ય હોય નહીં. કોઈ દુઃખગર્ભિત કે મોહગર્ભિત ત્યાગ વૈરાગ્ય લઈ બેસે છે તે સાચો ત્યાગ નથી.

પંચ ઉદંબર, મદ્ય, માંસ, દારૂ પ્રત્યે જેટલો તીવ્ર કષાય કરે તેના પ્રમાણમાં પાપ છે, તીવ્ર કષાય કરે તેને અભક્ષાદિ ચીજ નિમિત્ત કહેવાય છે. સામે નિમિત્ત છે માટે તીવ્ર કષાય થાય એમ નથી. આત્મજ્ઞાનપૂર્વક સ્વભાવની એકાગ્રતાની ભૂમિકામાં તેવો અશુભરાગ હોતો નથી. બાહ્યત્યાગ તો ઉપચારથી કથન છે.

હવે બીજી વ્રતપડિમાનું સ્વરૂપ કહે છે. આ વ્રતપડિમાના વર્ણનની ૪૧ ગાથાઓ છે, તેમાં બાર વ્રતોનું વર્ણન કર્યું છે. જુઓ આ વ્રતપડિમા સમ્યગ્દષ્ટિ જ્ઞાનીને જ હોય છે. આત્માના ભાન વગર એકલો શુભરાગ કરે તે કાંઈ ખરેખર વ્રત નથી. એકડા વગરના મીંડાની કિંમત કાંઈ નથી. એકડો હોય તો તેના પછીનું મીંડું સંખ્યામાં ૯ની વૃદ્ધિ કરે છે, બીજું મીંડું ચડે તો ૯૦ની વૃદ્ધિ કરે. તેમ પહેલાં અખંડ ચૈતન્યસ્વભાવની દૃષ્ટિથી સમ્યગ્દર્શન કરવું તે એકડો છે, તેના પછી વ્રત વગેરેમાં તો વિશેષ વીતરાગભાવ છે. સમ્યગ્દર્શનરૂપી એકડા વગર બાહ્યત્યાગ કે શુભરાગ કરે તેને કાંઈ વ્રત કહેતાં નથી. માટે સમ્યગ્દર્શન તો મૂળમાં રાખીને જ આ બધા વ્રતોની વાત સમજવી.

पञ्चाणुव्रतधारी गुणव्रतशिक्षाव्रतैः संयुक्तः ।
दृढचितः शमयुक्तः ज्ञानी व्रतश्रावकः भवति ।।३३०।।

જે પાંચ અણુવ્રત ધારક હોય, ત્રણ ગુણવ્રત તથા ચાર શિક્ષાવ્રત સહિત હોય, દૃઢ ચિત્તવાન હોય, સમભાવથી યુક્ત હોય તથા જ્ઞાનવાન હોય તે વ્રત-પ્રતિમાધારક શ્રાવક છે.

અહીં 'અણુ' શબ્દ અલ્પતા વાચક છે. પાંચ પાપમાં અહીં સ્થૂળ પાપોનો ત્યાગ છે તથા તેની 'અણુવ્રત' સંજ્ઞા છે. ગુણવ્રત શિક્ષાવ્રત છે તે આ અણુવ્રતોની રક્ષા કરવાવાળા છે તેથી અણુવ્રતની પણ ધારણા કરે છે. આ જીવ વ્રતની પ્રતિજ્ઞામાં દૃઢચિત્ત છે, કષ્ટ-ઉપસર્ગ-પરિષહ આવવા છતાં પણ શિથિલ થતો નથી. અપ્રત્યાખ્યાનાવરણકષાયના અભાવથી તથા પ્રત્યાખ્યાનાવરણ કષાયના મંદ ઉદયથી આ વ્રત થાય છે, તેથી 'ઉપશમભાવ સહિતપણું' એવું વિશેષણ આપ્યું છે. જો કે દર્શનપ્રતિમાધારીને પણ અપ્રત્યાખ્યાનાવરણનો અભાવ તો થયો છે પરંતુ પ્રત્યાખ્યાનાવરણ કષાયના તીવ્ર સ્થાનકોના ઉદયથી તેને અતિચારસહિત પાંચ અણુવ્રત હોતા નથી તેથી ત્યાં 'અણુવ્રત' સંજ્ઞા નથી પણ સ્થૂલ અપેક્ષાએ તેને પણ ત્રસઘાત ને અભક્ષભક્ષણના ત્યાગથી અણુવ્રત

-અણુવ્રત છે. વ્યસનોમાં ચોરીનો ત્યાગ છે એટલે અસત્ય પણ તેમાં ગર્ભિત છે, પરસ્ત્રીનો ત્યાગ છે અને વૈરાગ્યભાવના છે એટલે પરિગ્રહની મૂર્છાના સ્થાનક પણ ઘટતા છે તેમાં પ્રમાણ પણ તે કરે છે, પરંતુ નિરતિચાર બનતું નથી. તેથી તે ' વ્રતપ્રતિમા ' નામ પામતું નથી. વળી ' જ્ઞાની ' વિશેષણ છે તે પણ યોગ્ય જ છે કારણ કે સમ્યગ્દૃષ્ટિ બની વ્રતનું સ્વરૂપ જાણી શ્રીગુરુની આપેલી પ્રતિજ્ઞાને ધારણ કરે છે માટે તે જ્ઞાની જ કહેવાય છે એમ જાણવું.

મહા વીતરાગી મુનિવરોને તો ત્રણ પ્રકારના કષાયોનો નાશ થઈને ઘણી વીતરાગતા થઈ ગઈ છે. એવા સંતોને તો મહાવ્રત હોય છે, તેમાં તેમને સૂક્ષ્મ પાપોનો પણ ત્યાગ હોય છે. અહો ! નિર્ગ્રંથ વીતરાગી સંતોને એટલો બધો અકષાયભાવ થઈ ગયો હોય છે કે વસ્ત્ર ગ્રહણનો વિકલ્પ પણ તેમને નથી ઊઠતો; ક્ષણે ક્ષણે નિર્વિકલ્પ આત્માનુભવમાં ઠરે છે. આવા સંતો તો મહાવ્રતી છે અને શ્રાવકને સ્થૂળ હિંસાદિ પાપોના ત્યાગરૂપ અંશે વીતરાગભાવ છે, તે દેશવ્રત છે. શ્રાવકને પણ અંતરના ચિદાનંદ સ્વભાવના આશ્રયે વ્રતભાવ પ્રગટ્યો છે, ગમે તેવા પ્રતિકૂળ સંયોગ આવે તોપણ તે પોતાના વ્રતથી ચ્યુત થતો નથી, શિથિલ થતો નથી. સ્વભાવના અવલંબનની તેને એવી દૃઢતા હોય છે કે ગમે તેવા ઘોર પરિષહ કે ઉપસર્ગમાં પણ તે ચ્યુત થતો નથી. શ્રાવકને અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભનો તો પહેલાં સમ્યગ્દર્શન થતાં જ નાશ થઈ ગયો છે, પછી પંચમ ગુણસ્થાન થતાં જ અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધાદિનો પણ અભાવ થઈ ગયો છે, તથા પ્રત્યાખ્યાનાવરણીય કષાયની ઘણી મંદતા થઈ ગઈ છે, એટલો વીતરાગભાવ પોતાના સ્વભાવના અવલંબને પ્રગટે તેનું નામ વ્રતપડિમા છે, તે સિવાય સાચાં વ્રત કે પડિમા હોતા નથી. હજી જેને આત્માનું ભાન પણ ન હોય, મુનિદશા કોને કહેવી અને શ્રાવકદશા કોને કહેવી તેનું પણ ભાન ન હોય તેને સાચાં વ્રત ક્યાંથી હોય અને મુનિદશાની તો ગંધ પણ કેની હોય ? પહેલાં સાચી ઓળખાણ કરવા માટેની આ વાત છે. જેમ જેમ સ્વભાવનું અવલંબન વધતું જાય છે તેમ તેમ ઉપલા કષાયોનો રસ પણ ઘટતો જાય છે. વ્રત પડિમાવાળા શ્રાવકને અનંતાનુબંધી તથા અપ્રત્યાખ્યાનાવરણીયનો તો અભાવ જ થયો છે ને ત્રીજા પ્રત્યાખ્યાનાવરણીય કષાયનો રસ ઘણો મંદ થઈ ગયો છે ને અંદર ઉપશમભાવ ઘણો વધી ગયો છે. જુઓ, આ વ્રતની દશા ! અંદરના ઉપશમરસમાં લીનતા થઈ છે ત્યાં તીવ્ર હિંસાદિના ભાવો થતાં જ નથી તેનું નામ વ્રત છે. શ્રાવકના બાર વ્રતોનું વર્ણન હવે કરશે. [ ક્રમશઃ ]

## પંડિતરત્ન આદરણીય શ્રી હિંમતભાઈનો

# ૮૫મા વર્ષમાં મંગલ પ્રવેશ

શ્રાવણ વદ ૧૪ (તા. ૨૭-૮-૯૨)ના દિવસે આપણા આદરણીય પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ (પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના વડીલ બંધુ)નો જન્મ દિવસ હતો. તે દિવસે પંડિતજીએ ૮૫મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. આ શુભાવસરે સવારે, પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપપ્રવચન પછી, શ્રી દિ૦ જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ તથા મુમુક્ષુસમાજ વતી, ટ્રસ્ટના પ્રમુખ શ્રી હસમુખભાઈ વોરાના આદેશથી, ટ્રસ્ટી / મન્ત્રી શ્રી ચિમનભાઈ મોદી દ્વારા, આપણને આપણી માતૃભાષામાં ભગવતી કુંદકુંદ-અધ્યાત્મભારતી આપનાર આપણા આદરણીય પંડિતજીને, તેમના ગુણાનુવાદરૂપ સંક્ષિપ્ત ભાષણ દ્વારા, ઉપકૃતભાવભીનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

ત્યાર પછી મુમુક્ષુસમાજ પંડિતજીના ઘરે વ્યક્તિગતરૂપે અભિવાદન માટે ગયો હતો. ત્યાં થોડા વૈરાગ્યભીના તાત્ત્વિક વિચારો કહેતાં તેમણે અંતરના વેદનપૂર્વક નમ્રતાથી નીચેના આશયની એક માર્મિક વાત એ કહી કે—જેમ બળતો માણસ એમ વિચારતો નથી કે દાગીના ને સારાં કપડાં પહેરીને પછી બહાર નીકળું, તે તો અન્ય બધા વિચારો છોડીને પહેલાં પોતાના બચાવ માટે ગમે તે પ્રકારે શીઘ્ર ભાગવાનો જ પ્રયત્ન કરે છે, તેવી રીતે મને 'વિશિષ્ટ પુરુષ' અથવા અન્ય કોઈ વિશેષણોની જરાય અપેક્ષા કે સ્પૃહા નથી, મારો આત્મા સાધનાના અંતઃપુરુષાર્થ દ્વારા આ ભવદાવાનલમાંથી શીઘ્ર બહાર નીકળે અને શાશ્વત શાન્તિ પ્રાપ્ત કરે—બસ, માત્ર એ જ અંતરની ભાવના છે.

---

* **પંચાહ્નિક ધાર્મિક કાર્યક્રમ :** પરમ-તારણહાર પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના સાંવત્સરિક સમાધિદિન નિમિત્તે સોનગઢમાં તા. ૧૨-૧૧-૯૨ થી તા. ૧૬-૧૧-૯૨, (કારતક વદ ૭) સુધી—પાંચ દિવસનો ધાર્મિક કાર્યક્રમ રાખવામાં આવશે.

૮૫મા મંગલ જન્મદિને પંડિતરત્ન શ્રી હિંમતભાઈને

# ૐ ભાવભીનાં અભિવાદન ૐ

[ શ્રી દિ૦ જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના પ્રમુખ શ્રી હસમુખભાઈ વોરાના આદેશથી ટ્રસ્ટી, તેમ જ મંત્રી શ્રી ચિમનભાઈ મોદી દ્વારા, ટ્રસ્ટ અને મુમુક્ષુ સમાજ વતી, સમર્પિત અભિવાદન-અંજલિ. ]

ઉપકૃતહૃદયવાળા આત્માર્થી જીવો માટે આજનો દિવસ આનંદકારી છે. આજના પવિત્ર દિવસે—વિ. સં. ૧૯૬૪, શ્રાવણ વદ ૧૪ના શુભ દિને—આપણા આદરણીય પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જેઠાલાલ શાહનો જન્મ થયો હતો. આજે પંડિતજી ૮૫મા વર્ષમાં પ્રવેશ કરે છે.

અધ્યાત્મમૂર્તિ પરમોપકારી પરમપૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો, અને સ્વાનુભવની તથા ધર્મોદ્યોતકારી જાતિસ્મરણજ્ઞાનની પવિત્ર ઉપલબ્ધિ વડે કહાનગુરુ-શાસન ઊજાળનાર પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો, આપણા મુમુક્ષુ સમાજ ઉપર અપાર અપાર ઉપકાર તો છે જ. અહા! તે ઉભય સંતોની અસાધારણ ઉપકારકરુણાની તો શી વાત! એ તો આપણા ધર્મજીવનના ઘડવૈયા હતા, પણ તેમની ઉપકારછાયામાં, આપણા આદરણીય પંડિતજીનો પણ આપણા સમાજ ઉપર, કદી ન ભૂલી શકાય એવો, વિશિષ્ટ ઉપકાર છે. તે ઉપકાર જ આપણા હૃદયને આજે આનંદથી વિશેષ આંદોલિત કરે છે.

ભાગ્યવાન માતપિતાએ મુમુક્ષુજગતને બે રત્નો આપ્યાં: એક સ્વાનુભવી ધર્મરત્ન અને બીજું આત્માર્થી પંડિતરત્ન, અહા! કેવી અદ્ભુત ભાઈબહેનની નિર્દોષ જોડી! નાની વયથી જ કેવો આદર્શ બંનેનો વૈરાગ્ય! કેવી અધ્યાત્મરસમય તેમની ધર્મચર્ચા! જોયા અને સાંભળ્યા જ કરીએ. હિંમતભાઈને વૈરાગ્યભરપૂર ધર્મગીતો ગાવાનો પહેલેથી જ શોખ. હૃદયમાં વૈરાગ્યનો અતિશય પ્રેમ અને કંઠમાં વૈરાગ્યભીનું એવું માધુર્ય કે સાંભળનાર પણ બે ઘડી તો વૈરાગ્યની અસર પામી સંસારને ખારો અનુભવે!

હિંમતભાઈમાં બુદ્ધિપ્રતિભા, ધર્મની રુચિ અને વૈરાગ્યપ્રેમ વગેરે અસાધારણ ગુણો તો નાની ઉંમરથી જ હતા.

હિંમતભાઈ પાસે બહેનશ્રી 'શ્રીમદ્ રાજચંદ્ર' વગેરે ધાર્મિક ગ્રંથો સાંભળે અને તેમાં આવેલ પ્રયોજનભૂત અધ્યાત્મવિષયો વિષે તત્ત્વચર્ચા પણ કરે, અને હિંમત-

ભાઈ પણ પૂજ્ય ગુરુદેવ પાસે પોતે ગ્રહણ કરેલ અધ્યાત્મના ન્યાયો બહેનશ્રીને સમજાવે. એ રીતે બહેનશ્રીના પ્રાથમિક અધ્યાત્મ-અભ્યાસમાં શ્રી હિંમતભાઈનો ઉપકાર છે. ભલે, પછી થોડા સમયમાં જ બહેનશ્રી અંતરંગ આત્મસાધનામાં આગળ નીકળી ગયાં, સમ્યગ્દર્શન અને સ્વાનુભૂતિ પામીને 'પૂજ્ય' બની ગયાં, તોપણ બહેનશ્રીએ હિંમતભાઈ પ્રત્યે ઉપકૃતભાવભીનો આદરભાવ જીવનભર પોતાના હૃદયમાં વણેલો રાખ્યો હતો.

પૂજ્ય ગુરુદેવે સોનગઢમાં આવીને 'પરિવર્તન' કર્યું; થોડા વખત પછી; ગુરુવાણીનો સતત લાભ લેવા બહેનશ્રી પણ સોનગઢમાં સ્થાયી થયાં. ગુરુદેવની વાણીનો લાભ લેવા હિંમતભાઈ વેકેશનમાં સુરતથી આવતા, અને ઘણી વાર પ્રસંગોચિત ગુરુભક્તિનાં તથા જિનેન્દ્રભક્તિનાં મધુર કાવ્ય બનાવી લાવતા. સ્વાધ્યાયમંદિરમાં 'સમયસાર'ની સ્થાપના પ્રસંગે ગાવા માટે, હિંમતભાઈ 'સમયસારજીની સ્તુતિ' બનાવીને લાવ્યા હતા, જે સહજપણે એવી સર્વાંગસુંદર, ભાવવાહી અને અર્થગંભીર બની છે કે, તેમાં એક શબ્દનો પણ ફેરફાર કર્યા વિના, હજારો ભાવિકોના કંઠે આજે પણ અહોભાવપૂર્વક પ્રતિદિન ગવાઈ રહી છે.

સમયસારની સ્તુતિ પછી થોડા સમયે પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રીની કૃપાભીની મંગલ પ્રેરણાથી સમયસારનાં ગુજરાતી ભાષાન્તરનું મહા ભગીરથ કાર્ય સંપન્ન કરવાનું હિંમતભાઈના શિરે આવ્યું, જે તેમણે શ્રુતભક્તિપૂર્વક પોતાના અસાધારણ બુદ્ધિકૌશલ્યથી સર્વાંગસુંદર કર્યું. સમયસારના ગંભીર ભાવોને સરળ ગુજરાતી ભાષામાં, જરા પણ આશય મરડાય નહિ એ રીતે, સ્પષ્ટપણે વ્યક્ત કરવાની હિંમતભાઈની વૈરાગ્ય તેમ જ નિર્માનતાભરી અદ્‌ભુત બુદ્ધિશક્તિથી તેમ જ તેમની અંદરની કોઈ વિશેષ સુપાત્રતાથી અત્યંત પ્રસન્ન થઈને, પૂજ્ય ગુરુદેવે સમયસારના પ્રકાશનપ્રસંગે 'હિંમતભાઈ નિકટ મોક્ષગામી છે' એવા અંતરના આશિષપૂર્ણ અહોભાવથી તેમને બિરદાવ્યા હતા. અહા ! કેવું મહાન સૌભાગ્ય ! ભાવી તીર્થંકરદેવે 'નિકટ મોક્ષગામી'નો ચાંદલો કર્યો !

પૂજ્ય ગુરુદેવના કૃપાભીના આદેશથી અનુક્રમે પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ અને અષ્ટપાહુડ (પદ્યાનુવાદ)ના ગુજરાતી ભાષાંતરનું મંગલ કાર્ય પણ હિંમતભાઈએ જ કર્યું. તદ્‌ઉપરાંત 'સમવસરણસ્તુતિ', 'સદ્‌ગુરુદેવ-સ્તુતિ', 'માનસ્તંભ-સ્તુતિ', 'ગુરુદેવશ્રીનું જીવનવૃત્તાંત', 'બહેનશ્રીનો જીવનપરિચય' અને બહેનશ્રી વિષે પાંચ ગીત વગેરે અનેક ગદ્યપદ્યાત્મક અધ્યાત્મરસભરી, અર્થગંભીર, ભાવવાહી ભવ્ય રચનાઓ કરીને શ્રી હિંમતભાઈએ ખરેખર મુમુક્ષુજગત ઉપર ઉપકાર કર્યો છે. પૂજ્ય

ગુરુદેવશ્રીના અને પૂજ્ય બહેનશ્રીના પુનિત પ્રતાપે જિજ્ઞાસુજગતમાં સ્વાનુભવપ્રધાન અધ્યાત્મવિદ્યાનું જે પવિત્ર આંદોલન છવાઈ ગયું છે તેમાં શ્રી હિંમતભાઈનાં ભાષાન્તરોનો પણ બહુમૂલ્ય ફાળો રહેલો છે. તે શું તેમનો ઓછો ઉપકાર છે?

એક ભાઈએ પૂછયું: હે ભગવતી માતા! પૂજ્ય ગુરુદેવશ્રીનાં તાત્ત્વિક કથનોનો જે ગૂઢ આશય આપણા પંડિતરત્ન શ્રી હિંમતભાઈ અમને, સાંજે ફરતી વખતે, તત્ત્વચર્ચામાં સમજાવે છે તેનાથી અમારું હૃદય અત્યંત પ્રમુદિત થઈને નાચી ઊઠે છે. તેમનો વૈરાગ્ય, ઊંડું તત્ત્વજ્ઞાન, ગહન વિષયને અતિ સંક્ષેપમાં સાદાં દૃષ્ટાંતો આપીને સમજાવવાની અસાધારણ શૈલી અને સહજ નમ્રતા વગેરેથી પ્રભાવિત થઈને અમને તો એમ જ લાગે છે કે તેઓ પણ જાણે વિદેહક્ષેત્રથી, શ્રી સીમંધરભગવાનના સમવસરણમાં પ્રાપ્ત કરેલ અધ્યાત્મતત્ત્વના સંસ્કાર લઈને, અત્રે આવ્યા હોય!

તે સાંભળીને પૂજ્ય બહેનશ્રી પહેલાં તો થોડી વાર ગંભીર મુદ્રાએ મૌન રહ્યા, કેમ કે પોતાના વડીલ બંધુ વિષે જાહેરમાં કહેવાનો તેમને ભાવ નહોતો. તોપણ થોડી વાર રહીને, અત્યંત ગંભીરપણે સંકેતરૂપે નીચેના આશયનું સ્વલ્પ બોલ્યા કે—હિંમતભાઈનો આત્મા ઘણો સુપાત્ર છે, નાની ઉંમરથી તેમનો વૈરાગ્ય જુદી જાતનો છે, તેમની તત્ત્વવિચારની શક્તિ, શાસ્ત્રોના અર્થ ઉકેલવાની બુદ્ધિ વગેરે બધું બીજા કરતાં સાવ જુદું જ છે. હિમતભાઈ 'ઊંડા આદર્શ આત્માર્થી' છે, ગુરુદેવે તેમને 'નિકટ મોક્ષગામી' કહ્યા છે. (પૂજ્ય બહેનશ્રીએ પણ ઘણા વર્ષો પહેલાં કહ્યું હતું કે—"ભાઈ! તમે નિકટ ભવી છો") વર્તમાનમાં તે પૂજ્ય ગુરુદેવની પ્રવચનસભાના 'વિશિષ્ટ પુરુષ' તો છે જ, પરંતુ ભૂતકાળમાં તે 'વિશિષ્ટ પુરુષ' હતા અને ભવિષ્યના પણ 'વિશિષ્ટ પુરુષ' છે. એ પ્રમાણે પૂજ્ય બહેનશ્રીએ, સંક્ષેપમાં તેમ જ અતિ ગૂઢ શબ્દોમાં શ્રી હિંમતભાઈ વિષે 'ભૂત-વર્તમાન-ભવિષ્યના વિશિષ્ટ પુરુષ' તરીકે સંકેત કર્યો. અહા! 'વિશિષ્ટ' શબ્દનો મર્મ કેટલો ગહન છે! તે દ્વારા સૂચિત હિંમતભાઈની સુપાત્રતા પૂજ્ય બહેનશ્રીનાં નિર્મળ જ્ઞાનમાં કેટલી મહાન હશે! પૂજ્ય ભગવતીમાતાના શ્રીમુખથી 'વિશિષ્ટ પુરુષ'ની વાત સાંભળીને ઉપસ્થિત બધાં ભાઈબહેનોએ વિશિષ્ટ ઉપકારી શ્રી હિંમતભાઈ પ્રત્યે આદરભાવનો રોમાંચ અનુભવ્યો.

આ રીતે, પૂજ્ય ગુરુદેવના હૃદયના 'નિકટ મોક્ષગામી', પૂજ્ય બહેનશ્રીના વિશિષ્ટ જ્ઞાન દ્વારા પ્રમાણિત 'સુપાત્ર વિશિષ્ટ પુરુષ' અને કુંદકુંદ-પરમાગમોનો ગુર્જર-ગદ્યપદ્યાનુવાદ રચીને મુમુક્ષુસમાજ ઉપર અવિસ્મરણીય અનુપમ અનુગ્રહ કરનાર 'કુંદકુંદ-સરસ્વતીસપૂત' એવા આપણા આદરણીય પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહનો જેટલો ઉપકાર માનીએ તે ઓછો છે. તેમના પ્રત્યે હૃદયના ઊંડા આદરભાવની

અભિવ્યક્તિથી અધિક આપણે શું કરી શકીએ ? આજના તેમના ૮૫મા મંગલ જન્મદિને, તેઓશ્રી ચિર કાળ સુધી નિરામયપણે આપણને પૂજ્ય ગુરુદેવના અને પૂજ્ય બહેનશ્રીના અનુપમ ઉપકારો સમજાવીને સ્વાનુભવપ્રધાન અધ્યાત્મવિષયમાં વિશેષ વિશેષ માર્ગદર્શન આપ્યા કરો—એ જ તેમની પાસે આદર તેમ જ ઉપકૃતભાવભીની નમ્ર પ્રાર્થના.

* * *

અભિવાદન-અંજલિ પૂરી થયા પછી, આદરણીય પંડિતજીએ અંદરથી નારાજી વ્યક્ત કરતાં, વૈરાગ્ય અને નિઃસ્પૃહતાથી ભરેલા અંતરના વેદનભાવે નીચેના આશયનું સંક્ષેપથી કહ્યું : તમે બધા જે આ બધું કરો છો તે મને જરાય ગમતું નથી, મને તો, આપણે ઉપસર્ગ આપી રહ્યા છો એવું અંતરમાં દુઃખ થાય છે. અભિવાદનના આ 'બે શબ્દ' વગેરે તમે ભલે તમારા ભાવથી કરો છો, પણ હું તો એમ સમજું છું કે આપણે બધા એક નાવના સમાન યાત્રીઓ છીએ. આપણી નાવના નાવિક તો પરમ પૂજ્ય ગુરુદેવ અને પૂજ્ય બહેનશ્રી છે. એ બંનેના ઉપકારોના સહારે આપણે સૌએ ભવસાગર તરી જવાનો મહાન પુરુષાર્થ કરવાનો છે. વળી પરમાગમોના અનુવાદ વિષે જે વાત કહી, તે તો ખરેખર પૂજ્ય ગુરુદેવ અને પૂજ્ય બહેનશ્રી પાસેથી મળેલી અધ્યાત્મદષ્ટિનું ફળ છે. સંસ્કૃત ભણેલા બીજા વિદ્વાનો અનુવાદ કરી શકે પણ, જ્ઞાની પાસેથી પ્રાપ્ત અધ્યાત્મદષ્ટિ નહિ હોવાથી, તેઓ કરી શકયા નહિ. તે બંને મહાપુરુષોની કૃપાલીની પ્રેરણાથી જ મેં અનુવાદો કરવાની હિંમત કરી અને તેમના જ પુનિત પ્રતાપે તે અનુવાદો પૂરા થયા. મને એ વાતનો પૂરો સંતોષ છે કે અનુભવમૂર્તિ તે બંને મહાત્માઓની મને આત્મસાધનામાં લાભ થાય એવી અસાધારણ કૃપા મળી, અને અનુવાદ-કાર્ય દ્વારા, તેમણે આપેલી અધ્યાત્મદષ્ટિ વધુ વિકસી તેમ જ દઢ થઈ. મારામાં જે કાંઈ છે તે બધું તેમનું જ છે. જ્ઞાની પુરુષોના નિર્મળ જ્ઞાનમાં મારા વિષે 'નિકટ મોક્ષગામી' કે 'વિશિષ્ટ પુરુષ' વગેરે જણાયું હોય તો તે ભલે, પણ મને તો અંતરમાં સદા એક જ ભાવના રહે છે કે—મારો આત્મા, તે બંને જ્ઞાનીઓના ઉપકાર પ્રતાપે, આ દુઃખપ્રચુર ભવાબ્ધિથી છૂટી શાશ્વત શાંતિ અને સુખમય મોક્ષદશાને શીઘ્ર પામો.

—oo✼oo—

તા. ૧૨-૯-૯૨

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે.

પ્રાત : પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ

પ્રાત : જિનેન્દ્રદર્શન-પૂજા

સવારે ૮-૩૦ થી ૯-૩૦ : પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી સમયસાર પર (૧૬મી વખતનું) આધ્યાત્મિક ટેપ-પ્રવચન

સવારે ૯-૪૫ થી ૧૦-૪૫ : પુરુષો માટે બ્ર. શ્રી ચંદુભાઈ દ્વારા શ્રી પ્રવચનસાર ઉપર શિક્ષણવર્ગ

બપોરે ૩-૩૦ થી ૪-૩૦ : પંચાસ્તિકાયસંગ્રહ ઉપર બ્ર. શ્રી ચંદુભાઈ દ્વારા શાસ્ત્ર-પ્રવચન

બપોરે ૪-૩૦ થી ૪-૪૫ : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ

બપોરે ૪-૪૫ થી ૫-૩૦ : જિનેન્દ્રભક્તિ

સાંજે ૮-૦૦ થી ૯-૦૦ : પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી બહેનશ્રીનાં વચનામૃત પર ભાવવાહી ટેપ-પ્રવચન

* **દશલક્ષણ પર્યુષણપર્વ** : ભાદરવા સુદ ૫, મંગળવાર, તા. ૧-૯-૯૨થી ભાદરવા સુદ ૧૪, ગુરુવાર, તા. ૧૦-૯-૯૨ દસ દિવસ સુધી 'શ્રી દશલક્ષણ પર્યુષણ પર્વ' દશલક્ષણમંડલવિધાનપૂજા તથા મુનિધર્મ-મહિમાયુક્ત અધ્યાત્મજ્ઞાન, વૈરાગ્ય તેમ જ ભક્તિની ઉપાસનાપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. બહારગામથી ઘણા મહેમાનો આવ્યા હતા. ભાદરવા સુદ ૧૩ થી ૧૫ શ્રી રત્નત્રયધર્મ પણ ઉજવવામાં આવ્યો હતો.

* **ઉત્તમક્ષમાવણીપર્વ** : ભાદરવા વદ ૧, શનિવાર, તા. ૧૨-૯-૯૨ના રોજ પૂજાભક્તિ અને સમૂહ-ક્ષમાવણી પૂર્વક ક્ષમાવણીપર્વ ઉજવવામાં આવ્યો હતો.

પર્યુષણપર્વ પ્રસંગે કાયમી પૂજા : (૧) શ્રી દેવકુંવરબેન દેવશીભાઈ રાયશીભાઈના સ્મરણાર્થે તેમના પરિવાર તરફથી, લંડન.

પ્રાસંગિક મંડલવિધાન પૂજા

. (૧) સ્વ. કેશવલાલ કસ્તૂરચંદ શાહ તથા સ્વ. છબલબહેન કેશવલાલ શાહનાં સ્મરણાર્થે (હ. સરલાબહેન રમેશભાઈ) (૨) શ્રી સવિતાબહેન સુન્દરલાલ શાહ, મીઠાપુર (૩) શ્રી નન્દલાલ પ્રાગજી મહેતા તથા શ્રી અરવિંદભાઈ નન્દલાલ મહેતા, ઉમરાળાવાળા (હ. કળાબહેન) (૪) ડૉ. કાન્તિભાઈ શેઠ પરિવાર (હ. અનુબહેન) મુંબઈ (૫) સ્વ. મનહરલાલ મગનલાલ પારેખ, સોનગઢ (હ. મંજુલાબહેન મનહરલાલ) (૬) એક મુમુક્ષુબહેન (હ. હીરાલાલ ભીખાલાલ શાહ દહેગામવાળા) (૭) શ્રી લલિતાબહેન જયંતીલાલ મહેતા, મુંબઈ તરફથી રાખવામાં આવી હતી.

## * મહાવીરનિર્વાણ-પંચાહ્નિક-મહોત્સવ *

* પ્રતિવર્ષ અનુસાર 'શ્રી મહાવીર-નિર્વાણકલ્યાણક' દીપાવલીનો મંગળ અવસર આસો વદ ૧૦, બુધવાર, તા. ૨૧-૧૦-૯૨થી આસો વદ અમાસ, રવિવાર, તા. ૨૫-૧૦-૯૨ —પાંચ દિવસ સુધી શ્રી મહાવીર-કુન્દકુન્દ દિ૦ જૈન પરમાગમમંદિરમાં 'શ્રી જિનેન્દ્ર-પંચકલ્યાણકમંડલવિધાનપૂજા', મહાવીરજિનેન્દ્રભક્તિ તેમ જ અધ્યાત્મજ્ઞાનોપાસના વગેરે વિવિધ કાર્યક્રમ સાથે ઉજવવામાં આવશે.

* શ્રી મહાવીરનિર્વાણ-પંચાહ્નિક-ઉત્સવ પ્રસંગે કાયમી 'પંચકલ્યાણકમંડલવિધાનપૂજા' :—

(૧) પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચમ્પાબહેન, (૨) બ્ર. ચંદુભાઈ ઝોબાળિયા (તેમનાં પિતાશ્રી સ્વ. શ્રી ભીમચંદભાઈ છોટાલાલ ઝોબાળિયાની પુણ્ય સ્મૃતિ અર્થે) (૩) સ્વ. શ્રી નવલચંદ જગજીવનદાસ શાહ (હ. મુક્તાબહેન) તરફથી રાખવામાં આવશે.

—*—

[ વૈરાગ્ય સમાચાર........પાનું ૨૮થી ચાલુ ]

* વીંછીયાનિવાસી શ્રી ગોદાવરીબેન ધનજીભાઈ અજમેરા (વર્ષ-૯૦) તા. ૨૪-૭-૯૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* દાદરનિવાસી શ્રી મથુરભાઈ ગોકળદાસ સંઘવી (વર્ષ-૭૪) સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ 'રામજીભાઈ વકીલ શતાબ્દી સત્સાહિત્ય'ના ટ્રસ્ટી હતા. તેઓએ ઘણી સંસ્થાઓમાં સારી એવી સક્રિય સેવા આપી હતી.

—સ્વર્ગસ્થ આત્માઓને વીતરાગ દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે તેમ જ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી માતા પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો. તેઓ વીતરાગી ધર્મના શરણમાં આત્મોન્નતિ પામો એ જ ભાવના —*—

## વૈરાગ્ય સમાચાર:—

* બોટાદનિવાસી શ્રી હિરાલાલ મલુકચંદ કામદાર તા. ૧૯–૫–૯૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* જેતપુરનિવાસી શ્રી જયંતિભાઈ ચત્રભુજભાઈ કામદાર (વર્ષ–૮૦) તા. ૫–૭–૯૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીના બહુ જૂના અનુયાયી હતા; તેમને દેવ–ગુરુ–ધર્મ પ્રતિ ઘણો જ ભક્તિભાવ હતો અને અભ્યાસી હતા.

* જામનગરનિવાસી શ્રી ખેતશીભાઈના પુત્ર તથા બ્ર. શ્રી લલિતાબેનના નાના ભાઈ શ્રી મનુભાઈ ખેતશીભાઈ પારેખ (વર્ષ ૫૩) તા. ૫–૭–૯૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ દરેક ધાર્મિક પ્રસંગોનો લાભ લેવા સોનગઢ વારંવાર આવતાં; ઘણા જિજ્ઞાસુ હતા.

* સોનગઢનિવાસી શ્રી છબલબેન ભાયચંદ ગાંધી (વર્ષ–૯૧) તા. ૭–૭–૯૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ લગભગ ૪૦ વર્ષ સોનગઢ રહીને ઘણો જ લાભ લીધો હતો.

* ભાવનગરનિવાસી શ્રી ભાનુચંદ ગુલાબચંદ શાહના નાના ભાઈના ધર્મપત્ની શ્રી પ્રેમિલાબેન અભેચંદભાઈ શાહ (વર્ષ–૫૫) તા. ૧૫–૭–૯૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* જામનગરનિવાસી જામનગર મુમુક્ષુમંડળના સ્થાપક શ્રી નવલચંદભાઈ છગનલાલ મહેતા (વર્ષ–૮૨) તા. ૧૬–૭–૯૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ નમ્રસ્વભાવી, સેવાભાવી, ઊંડા અભ્યાસી તથા દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે અત્યંત ભક્તિવંત હતા.

* ગોરલનિવાસી (હાલ–મલાડ) શ્રી ચંદુલાલ કચરાલાલ (વર્ષ–૫૬) તા. ૧૭–૭–૯૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વઢવાણશહેર નિવાસી શ્રી હરખચંદભાઈ શાંતિલાલ ડગલી (વર્ષ–૬૭) તા. ૨૩–૭–૯૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મુંબઈ નિવાસી શ્રી શાંતિભાઈ ચીમનભાઈ ઝવેરીના ધર્મપત્ની શ્રી શાંતાબેન (વર્ષ–૭૧) તા. ૨૭–૭–૯૨ના રોજ ભાવનગર મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ એક મહિનો સોનગઢ રહીને લાભ લેવા માટે આવેલાં, વચ્ચે ભાવનગર જતાં ઓચિંતા હાર્ટ ફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા હતા. તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીના ઘણા જૂના અનુયાયી હતા અને અનેકવાર મુંબઈના પોતાના નિવાસસ્થાને કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીનાં નિવાસ દરમિયાન અત્યંત ભક્તિભાવે પૂજ્ય ગુરુદેવશ્રીનો ઘણો ઘણો લાભ લીધો હતો. તેઓ ખૂબ વાત્સલ્યપ્રેમી હતા. પંચકલ્યાણક પ્રતિષ્ઠામાં ભગવાનના માતા બનવાનો અણમૂલો લાભ મળ્યાની તેમને ઘણી પ્રસન્નતા હતી. અંત સમયે જાગૃતિપૂર્વક તત્ત્વના શ્રવણ–સ્મરણ સહિત દેહ છોડયો હતો.

[ અનુસંધાન માટે જુઓ પાનું ૨૭ ]

# 卐 આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો 卐

* શુદ્ધ મનસે જિનકા સ્મરણ કરો, જિનકા ચિંતવન કરો ઔર જિનકા ધ્યાન કરો. ઉનકા ધ્યાન કરનેસે એક ક્ષણભરમેં પરમપદ પ્રાપ્ત હો જાતા હૈ. ૩૨૨. (શ્રી યોગીન્દ્રદેવ, યોગસાર, ગાથા–૧૯)

* હે જિનેન્દ્ર પ્રભો ! શ્રી વીર ભગવાને (અથવા વીરનંદી ગુરુએ) પ્રસન્ન ચિત્ત થઈને ઉચ્ચપદ (મોક્ષ)ની પ્રાપ્તિ માટે મારા ચિત્તમાં ઉત્તમ ઉપદેશની જમાવટ કરી છે તે ઉપદેશ પાસે ક્ષણમાત્રમાં વિનાશી એવું પૃથ્વીનું રાજ્ય મને પ્રિય નથી એ વાત તો દૂર રહી, પરન્તુ તે ઉપદેશ પાસે ત્રણલોકનું રાજ્ય પણ પ્રિય નથી. ૩૨૩.

(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, આલોચના અધિકાર, શ્લોક–૩૨)

* હે સખા ! એવા દર્પણને તે શું કરવું કે જેમાં આત્માનું પ્રતિબિંબ ન દેખાય ? મને તો આ જગત બહાવરું પ્રતિભાસે છે,—કે જેને ગૃહપતિ ઘરમાં હોવા છતાં તેનું દર્શન નથી થતું. ૩૨૪.

(મુનિવર રામસિંહ, પાહુડ-દોહા, ગાથા–૧૨૨)

* ભવના ભયને ભેદનારા આ ભગવાન પ્રત્યે શું તને ભક્તિ નથી ? તો તું ભવસમુદ્રની મધ્યમાં રહેલા મગરના મુખમાં છે. ૩૨૫.

(શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર–ટીકા, શ્લોક–૧૨)

* જેમ કોઈ સૂર્યની સામે છત્ર ધરે તો તેથી સૂર્યને કાંઈ લાભ થતો નથી, પરંતુ છત્ર ધારણ કરવાવાળાને છાયાનું સુખ અવશ્ય મળે છે. તેમ ભગવાનની સેવા ઇન્દ્ર કરે છે તેથી ભગવાનને કાંઈ પ્રયોજન નથી પરંતુ ભક્તિ કરવાથી ઇન્દ્રને જ તે ભક્તિ સુખનું કારણ થાય છે. ૩૨૬.

(મહાકવિ ધનંજય, વિષાપહારસ્તોત્ર, શ્લોક–૧૭)

* જો માનવોંકો પ્રસન્ન કરનેવાલે રાગમેં રમણતાકા પદ હૈ વહ સર્વ શ્રી જિનેન્દ્રકે ગુણોમેં રંજાયમાન હોનેવાલે જ્ઞાનસે દૂર હો જાતા હૈ. વહ જ્ઞાન વીતરાગ આત્માકા અનુભવસ્વરૂપ હૈ. ૩૨૭.

(શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ–૧, પાનું–૧૪૮)

—૦—

## 卐 જીવનમાં ‘જ્ઞાયક’ જ મુખ્ય રહેવો જોઈએ 卐

❀ ગુરુદેવે જે માર્ગ બતાવ્યો તે જ માર્ગે ચાલવા જેવું છે. ગુરુદેવ એક આત્માની જ વાત કરતા હતા. તે વાતને મુખ્ય રાખીને ચાલવા જેવું છે, જીવનમાં ‘જ્ઞાયક’ જ મુખ્ય રહેવો જોઈએ. આત્માર્થીના કોઈ કાર્યો મર્યાદા બહાર ન હોય; મુમુક્ષુઓનું કોઈ કાર્ય મુમુક્ષુતાની મર્યાદા બહાર ન હોય. આત્માર્થીએ કોઈના દોષ ગ્રહણ નહિ કરતાં, ગુણ ગ્રહણ કરવા તે જ હિતનું કારણ છે. —પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી

દોષ ન ગહિયો કોય, ગુણ ગહ પઢિયે ભાવસોં,
ભૂલચૂક જો હોય, અર્થ વિચારી જુ શોધિયો.

જાણ્યે-અજાણ્યે જે કાંઈ અપરાધો થયા હોય તે સર્વની ક્ષમા માગે છે. આત્મધર્મ-પરિવાર —સંપાદક

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 ( INDIA )

Licence No. 21 ‘Licensed to post without prepayment’

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૯/-